dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 54 । AD - 2026, Kartak Vad-03 । Friday, Dt. 27-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

વૃધ્ધ મહિલાઓને વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ પેન્શન અને બેરોજગાર સ્નાતકોને માસિક રૂ. ૫,૦૦૦ ભથ્થાની જાહેરાત

યુપીમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૭માટે સમાજવાદી પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર

લખનૌ,તા.૨૬

આગામી વર્ષે યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ માટે સમાજવાદી પાર્ટીએ (સપા) તૈયારીઓ તેજ કરી દીધી છે. પાર્ટીએ બંધારણ દિવસ નિમિત્તે 'સત્તાવીસ કા સંકલ્પઃ પીડીએનો સંકલ્પ' નામથી ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે, જેની થીમ 'દરેક હાથને કામ, દરેક ખેડૂતને ભાવ, મહિલાઓનું સન્માન અને કાયદાનું રાજ' રાખવામાં આવી છે. રાજ્ય સ્તર ઉપરાંત દરેક જિલ્લાની સ્થાનિક જરૂરિયાતો મુજબ અલગ મેનિફેસ્ટો પણ બહાર પાડવામાં આવશે. સપાના મેનિફેસ્ટોમાં વૃધ્ધ મહિલાઓને વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ પેન્શન અને બેરોજગાર સ્નાતક યુવાનોને રોજગાર ન મળે ત્યાં સુધી માસિક રૂ. ૫,૦૦૦ ભથ્થું આપવાની જાહેરાત કરાઈ છે. આ ઉપરાંત યુવાનો માટે લેપટોપ યોજના પુનઃસ્થાપિત કરવા, પેપર લીક અટકાવવા કડક નીતિ બનાવવા અને ભરતી પ્રક્રિયા ૩ થી ૬ મહિનામાં પૂર્ણ કરવાનું વચન અપાયું છે. શિક્ષામિત્રોનો પગાર વધારી તેમને કાયમી કરવા, જાતિગત વસ્તી ગણતરી કરાવવા તથા ગરીબો માટે રૂ. ૫માં ભોજન આપતી 'સમાજવાદી કેન્ટીન' શરૂ કરવાની પણ જાહેરાત કરાઈ છે.ખેડૂતો માટે દેવામાફી અને શેરડીના ખેડૂતોને ૨૪ કલાકમાં ચુકવણીની ખાતરી અપાઈ છે. આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે રાજ્ય આરોગ્ય નીતિ ૨૦૨૭, સુપર-સ્પેશિયાલિટી



હોસ્પિટલો, મફત શિક્ષણ, બંધ શાળાઓ ફરી ખોલવા અને પીડીએ વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણ નીતિ લાવવાની વાત કરાઈ છે. કાયદો અને વ્યવસ્થા માટે શૂન્ય-સહિષ્ણુતા નીતિ, એઆઈ (AI) ટેકનોલોજીનો ઉપયોગ, ફાસ્ટ-ટ્રેક કોર્ટ અને જમીન અતિક્રમણ રોકવા વિશેષ ટાસ્ક ફોર્સ રચવામાં આવશે.

મેનિફેસ્ટો લોન્ચ કરતાં સપા પ્રમુખ અખિલેશ યાદવે અગાઉની સરકારના વિકાસ કાર્યો યાદ કર્યા અને જણાવ્યું કે પીડીએ (પછાત, દલિત, લઘુમતી) પરિવાર સતત વધી રહ્યો છે અને બંધારણમાં કોઈપણ ખોટા સુધારા સામે એકજૂટ થઈને પોતાની સરકાર બનાવશે.સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ દ્વારા જાહેર કરવામાં આવતા ચૂંટણી ઢંઢેરા અને તેની મુખ્ય જાહેરાતોની વિગતો આ વીડિયોમાં દર્શાવવામાં આવી છે.

અમે ગઠબંધનના નેતાઓનું અપમાન કરવા માંગતા નથી : ખડગે



બંધારણ દિવસ નિમિત્તે લખનૌમાં આયોજિત કોંગ્રેસના કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સપા-કોંગ્રેસ ગઠબંધન મુદ્દે નેતાઓને મર્યાદા જાળવવા અને અપમાનજનક ભાષા ન વાપરવા સલાહ આપી. તેમણે ભાજપ, આરએસએસ અને કેન્દ્ર સરકાર પર મોંઘવારી, અગ્નિવીર યોજના તથા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગ મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. ખડગેએ બંધારણના રક્ષણ માટે એકજૂટ થઈને લડવા અને ગઠબંધન મજબૂત કરવા હાકલ કરી હતી.

ટ્રમ્પની ભારતને ફરી ધમકી: વેપાર કરાર નહીં થાય તો ૨૦ ટકા ટેરિફની દરખાસ્ત

નવી દિલ્હી, તા.૨૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ભારત સાથેના વેપાર કરારને લઈને ફરી દબાણ વધાર્યું છે. અમેરિકાએ ભારત પર માળખાકીય વધારાની ઉત્પાદન ક્ષમતાનો આરોપ લગાવી ભારતીય માલસામાન પર ૨૦ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, ભારતે આ આરોપને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે કે અમેરિકાની નોટિસની નોંધ લેવામાં આવી



છે અને તેની સમીક્ષા કરવામાં આવી રહી છે.ભારતે કહ્યું છે કે દેશના કોઈપણ ક્ષેત્રમાં વધારાની ઉત્પાદન ક્ષમતા નથી અને વેપાર સંબંધિત પ્રશ્નો દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા ઉકેલવા જોઈએ. તપાસ દરમિયાન ભારતે અમેરિકાને રચનાત્મક સહયોગ પણ આપ્યો હતો. બીજી તરફ, નવા વેપાર માળખા હેઠળ ભારતીય માલ પર ૧૭ ટકા ટેરિફ લાદવાની દરખાસ્ત પણ ચર્ચામાં છે. અમેરિકાની ટેરિફ યાદીમાં ભારતીય નિકાસ પર ૨૫ ટકા સુધીના ટેરિફની જોગવાઈ છે, પરંતુ વેપાર કરાર થાય તો દર ઘટાડીને ૧૭ ટકા થઈ શકે છે. અમેરિકાના જણાવ્યા અનુસાર વધારાનું ઉત્પાદન વૈશ્વિક બજારમાં કિંમતો ઘટાડીને સ્થાનિક ઉદ્યોગોને નુકસાન પહોંચાડી શકે છે. જોકે, આ ટેરિફનો તાત્કાલિક અમલ થવાનો નથી. જાહેર પરામર્શ બાદ જાન્યુઆરી ૨૦૨૭થી અમલની શક્યતા છે.

લખનૌમાં રમાબાઈ મેદાન ખાતે 'સામાજિક પરિવર્તન મોરચા'ની રેલીમાં શક્તિ પ્રદર્શન

લખનૌ,તા.૨૬

૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ગઠબંધન કરનાર એઆઈએમઆઈએમ (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસી અને આઝાદ સમાજ પાર્ટીના પ્રમુખ ચંદ્રશેખર આઝાદે ગુરુવારે બંધારણ દિવસ નિમિત્તે લખનૌના રમાબાઈ મેદાન ખાતે 'સામાજિક પરિવર્તન મોરચા'ની રેલીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું.

સભાને સંબોધતા ઓવૈસીએ ચંદ્રશેખર આઝાદને ગઠબંધનના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે



જાહેર કર્યા હતા અને ભાજપને ત્રીજી વખત સરકાર બનાવતા અટકાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભાજપ અને સમાજવાદી પાર્ટી પર નિશાન સાધતા કહ્યું કે, અત્યાર સુધી મત જનતા પાસેથી લેવામાં આવ્યા છે, પરંતુ શાસન ક્યારેક ઠાકુરોનું તો ક્યારેક યાદવોનું રહ્યું છે. ઓવૈસીએ બંનેને નકારીને સામાજિક પરિવર્તન મોરચા દ્વારા જનતાનું શાસન પુનઃસ્થાપિત કરવાની વાત કરી હતી.

બંધારણ દિવસનો ઉલ્લેખ કરતા ઓવૈસીએ જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણ ઘડીને દેશને હિન્દુ રાષ્ટ્ર બનતા અટકાવ્યો હતો અને મુસ્લિમો, દલિતો તથા નબળા વર્ગોને સમાનતા અને ન્યાયનો અધિકાર આપ્યો છે. તેમણે આરએસએસ અને સંઘ પરિવાર પર બંધારણ વિરોધી હોવાનો આરોપ લગાવતા બંધારણની રક્ષા માટે મતની શક્તિનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

ભાજપના નબળા પ્રદર્શન બાદ કેન્દ્રીય નેતૃત્વ સક્રિય

રાજસ્થાન પંચાયત ચૂંટણીમાં હાર બાદ ટોચના નેતાઓને દિલ્હી બોલાવ્યા

જયપુર,તા.૨૬

રાજસ્થાન પંચાયત અને જિલ્લા પ્રમુખની ચૂંટણીમાં ભાજપના નબળા પ્રદર્શન બાદ કેન્દ્રીય નેતૃત્વ સક્રિય બન્યું છે. પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મહાસચિવ બી.એલ. સંતોષે હારના કારણોની સમીક્ષા કરવા પ્રદેશ પ્રમુખ મદન રાઠોડ, રાજ્ય સંગઠન મહાસચિવ અજય કુમાર અને ચારેય પ્રદેશ મહાસચિવોને દિલ્હી બોલાવી મહત્ત્વની બેઠક યોજી હતી.



રાજ્યની ૩૭ જિલ્લા પ્રમુખની બેઠકો પર થયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ૨૪ બેઠકો પર જંગી વિજય મેળવ્યો છે, જ્યારે સત્તાધારી ભાજપને માત્ર ૧૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે.

આ ઉપરાંત, આદિવાસી વિસ્તારોમાં ભારત આદિવાસી પાર્ટી (BAP) એ બે બેઠકો અને નાગૌરમાં હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) એ એક બેઠક જીતી પોતાનો દબદબો જાળવી રાખ્યો છે.

આ ચૂંટણીમાં ક્રોસ વોટિંગે પણ મોટો ઉલટફેર સર્જ્યો હતો. ચુરુમાં કોંગ્રેસના સભ્યોના ક્રોસ વોટિંગથી પૂર્વ મંત્રી રાજેન્દ્ર રાઠોડના પુત્રવધૂ કનિકા સિંહનો વિજય થયો હતો, જ્યારે બ્યાવરમાં ક્રોસ વોટિંગને કારણે કોંગ્રેસના ઉમેદવારે બાજી મારી હતી.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોવિંદ સિંહ ડોટાસરાએ આ જીતને ભજનલાલ સરકારની નિષ્ફળતા સામે જનતાનો આક્રોશ ગણાવ્યો છે. બીજી તરફ, ભાજપ હાઈકમાન્ડે દિલ્હીની બેઠકમાં સંગઠનની રણનીતિ, ચૂંટણી વ્યવસ્થાપન અને આંતરિક ખામીઓ અંગે ગંભીર મંથન કર્યું છે.

ચૂંટણી લડવી તે મારો પોતાનો નિર્ણય, મને ટિકિટ આપવાનો કોઈને અધિકાર નથી: ઉમા ભારતી



ગ્વાલિયર,તા.૨૬

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ ગ્વાલિયર પ્રવાસ દરમિયાન નિવેદન આપ્યું કે, ચૂંટણી લડવી કે નહીં તે તેમનો પોતાનો નિર્ણય છે અને તેમને ટિકિટ આપવાનો કોઈને અધિકાર નથી. વધુમાં તેમણે આગામી ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભાજપની જીત સાથે વિપક્ષના સફાયાનો દાવો કર્યો અને દારૂબંધી નીતિની સફળતા માટે જનપ્રતિનિધિઓને જવાબદારી નિભાવવા ટકોર કરી.



નાના ભંડારીયા અને ફતેપુરમાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના નાના ભંડારીયા અને ફતેપુર ગામમાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ મજબૂત બનાવવાના હેતુથી વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.નાના ભંડારીયા ગામે ગ્રામજનોને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે તે હેતુથી રૂ. ૩૫.૭૦ લાખના ખર્ચે નવનિર્મિત થનાર સુવિધાસભર આરોગ્ય મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેન્દ્રમાં નિયમિત આરોગ્ય તપાસણી, પ્રયોગશાળાની સુવિધા તેમજ સગર્ભા મહિલાઓ માટે જરૂરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના



કારણે ગામના લોકોને આરોગ્ય સેવાઓ માટે અન્ય સ્થળે જવાની મુશ્કેલીમાં ઘટાડો થશે.આ ઉપરાંત નાના ભંડારીયા ગામમાં અંદાજે રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલા નવા ગ્રામ પંચાયત ભવનનું પણ



લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ભવનથી ગ્રામ પંચાયતના વહીવટી કામકાજ વધુ સરળ અને સુગમ બનશે તેમજ ગ્રામજનોને સ્થાનિક કક્ષાએ વિવિધ સેવાઓનો લાભ મળશે.જ્યારે ફતેપુર ગામે બાળકોના સર્વાંગી વિકાસ અને પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલી નવીન અને સુવિધાસભર આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીમાં બાળકોને પોષણયુક્ત આહાર અને શિક્ષણ માટે વધુ સારું વાતાવરણ ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે છેવાડાના માનવી સુધી આરોગ્ય, શિક્ષણ અને વહીવટી સુવિધાઓ સરળતાથી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, સરપંચો, સંગઠનના હોદેદારો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ વિકાસકાર્યો બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

નાના ભંડારીયામાં રૂ. ૩૫.૭૦ લાખના ખર્ચે આરોગ્ય મંદિર બનશે, રૂ. ૨૫ લાખના ખર્ચે બનેલા ગ્રામ પંચાયત ભવન અને ફતેપુરમાં આંગણવાડીનું લોકાર્પણ કરાયું

અમરેલીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય 'સંવિધાન ગૌરવયાત્રા'નું આયોજન

અમરેલી,તા.૨૬

એટલે ભારતીય બંધારણ સ્વીકૃતિ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા અમરેલી ખાતે સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ દિવસને સંવિધાન ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યાત્રામાં



રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, યાત્રાના સંયોજક ડેનીભાઈ પરમાર, જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ મુકેશભાઈ બગડા સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તમામ આગેવાનોએ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરી હતી.

અમરેલીની ઐતિહાસિક ધરોહર 'ગઢની રાંગ'ના રીનોવેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૨ કરોડ મંજૂર

ધારાસભ્ય કૌશિક વેકરિયાના સતત પ્રયાસોથી મળી મંજૂરી

અમરેલી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી ઔર વિકાસ ભી'ના સંકલ્પને સાકાર કરવા અમરેલી-વડિયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિક વેકરિયાના સતત પ્રયાસોથી અમરેલી શહેરની મધ્યમાં આવેલી રાજાશાહી વખતની ઐતિહાસિક ધરોહર 'ગઢની રાંગ'ના રીનોવેશન અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૨ કરોડની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અગાઉ ટાવર ચોક અને રાજમહેલ જેવા હેરિટેજ સ્થળોના રીસ્ટોરેશન બાદ હવે ગઢની રાંગનો પણ મૂળ



ઐતિહાસિક વારસો જાળવીને આધુનિક સુવિધાઓ સાથે વિકાસ કરાશે. ગઢની રાંગની સામે ઠેબી નદીના કિનારે બની રહેલા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ સાથે આ વિકાસ થવાથી શહેરની શોભા વધશે. આ નિર્ણય બદલ કૌશિક વેકરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રોજેક્ટથી તુલસીશ્યામ અને આંબરડી સફારી પાર્ક આવતા પ્રવાસીઓને નવું આકર્ષણ મળશે.

દિવાળી વેકેશન બાદ ચલાલાની શાળાઓમાં દીપ પ્રાગટ્ય સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

અમરેલી,તા.૨૬

દિવાળીની રજાઓ પૂર્ણ થયા બાદ ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃત શક્તિ ગુરુકુળ અને રક્ષા શક્તિ સ્કૂલ જીરા સહિતની સંસ્થાઓમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.ગાયત્રી સંસ્કાર ધામના સંત ડૉ. રતિદાદા અને રઘુવીર ગીરીબાપુના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને સત્રની શરૂઆત



કરવામાં આવી હતી. આ અવસરે ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતાએ સંતોનું સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા.

ચલાલા શહેરમાં ગઢીયા પરિવારના આંગણે ભવ્ય ધાર્મિક મનોરથ યોજાયો

ચલાલા, તા.૨૬

ચલાલાના ગઢીયા પરિવારના આંગણે મીઠાપુર (ડુંગરી) ખાતે પૂજ્ય પા. ૧૦૮ દ્વારકેશ લાલજી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય મનોરથ યોજાયો હતો. યમુનાજીના સામૈયા, લોટી ઉત્સવ, યમુના પાન, મહારાસ, કીર્તન અને



મહાપ્રસાદમાં મોટી સંખ્યામાં વૈષ્ણવજનોએ ઉત્સાહપૂર્વક ધર્મલાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

સેવા કાર્યો થકી સિધ્ધાર્થભાઈ ભગતે જન્મદિવસની કરી અનોખી ઉજવણી

ચલાલા, તા. ૨૬

ચલાલા કાઠી ક્ષત્રિય સમાજના યુવા અગ્રણી, અમરેલી જિલ્લા યુવા ભાજપના આઈટી ઈન્ચાર્જ તથા જિલ્લા કાઠી ક્ષત્રિય સમાજના સંગઠન મંત્રી અને જાણીતા વકીલ સિધ્ધાર્થભાઈ બી. ભગતે પોતાનો જન્મદિવસ સેવાકાર્યો સાથે ઉજવી સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.જન્મદિવસ નિમિત્તે ધારી તાલુકાના ગઢિયા ગીર ખાતે આવેલા દાનેવધામ આશ્રમમાં રૂ. ૧૧ હજારનું અનુદાન અર્પણ કર્યું હતું. ઉપરાંત ચલાલા ખાતે દાન મહારાજની જગ્યામાં વલકુબાપુના આશીર્વાદ સાથે ઠાકર થાળનું આયોજન કર્યું હતું. તેમજ વિવિધ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં બાળકોને અલ્પાહાર કરાવી તેમના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કર્યો હતો.સિધ્ધાર્થભાઈની આ સેવાભાવી ઉજવણીને શહેરીજનો અને મિત્રવર્તુળે બિરદાવી હતી. જન્મદિવસ નિમિત્તે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત ભાજપના આગેવાનો અને મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજુલામાં શ્રમિકો માટે શિવ જ્યોતિ એકલિંગજી ટ્રસ્ટની સેવાકીય પહેલ

રાજુલા, તા.૨૬

રાજુલા શહેરના ટાવર ચોક ખાતે શ્રી શિવ જ્યોતિ એકલિંગજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમિકોને ટિફિન વિતરણનો સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. રોજગારી માટે જતા શ્રમિકો પ્લાસ્ટિકની થેલીઓમાં ભોજન લઈ જતા હોવાથી તેમને સ્વચ્છ



અને વ્યવસ્થિત રીતે ભોજન લઈ જવાની સુવિધા મળે તે હેતુથી આ પહેલ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ૨૫ શ્રમિકોને ટિફિન આપવાનું આયોજન કરાયું છે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય, નોટબુક વિતરણ, બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ સહાય અને જરૂરિયાતમંદ પરિવારોને ઘરવખરીની કીટનું વિતરણ સહિતની સેવાઓ કરવામાં આવી છે. કાર્યક્રમમાં ટ્રસ્ટના સભ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડિયાના તોરી ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, ૮૦ લીટર આથો અને ૮ લીટર દારૂ કબજે

વડિયા,તા.૨૬

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ વડિયા પોલીસે ગેરકાયદેસર દારૂના ઉત્પાદન સામે કાર્યવાહી કરી હતી. વડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.ડી. ગોહિલની આગેવાની હેઠળ પોલીસ ટીમે તોરી ગામે દરોડો પાડ્યો હતો. તપાસ



દરમિયાન ગામના પ્રવિણ કાનજી સોલંકીના રહેણાંક મકાનમાંથી દેશી દારૂ બનાવવાનો આશરે ૮૦ લીટર આથો અને ૮ લીટર તૈયાર દેશી દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતા ભઠ્ઠીના સાધનો પણ મળી આવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી પ્રવિણ સોલંકી વિરુધ્ધ પ્રોહિબિશન કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડિયા પોલીસની આ કાર્યવાહીથી ગેરકાયદેસર દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

જાફરાબાદમાં બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત માં યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત

જાફરાબાદ,તા.૨૬



અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરમાં ગત રાત્રે બાઈક અને ફોર-વ્હીલર કાર વચ્ચે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર દુર્ઘટનામાં બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મળતી વિગતો અનુસાર, ગત રાત્રિના સમયે જાફરાબાદ શહેર વિસ્તારમાંથી પસાર થઈ રહેલા એક બાઈક અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલક રાહુલ નયનભાઈ બારીયાને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું.અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મૃતક યુવકના દેહને પોસ્ટમોર્ટમ માટે જાફરાબાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં જ જાફરાબાદ ટાઉન પોલીસ અને મરીન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અકસ્માત અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

જાફરાબાદમાં પશુ ચરાવવા જઈ રહેલા આધેડ પર સિંહનો હુમલો

જાફરાબાદ,તા.૨૬



અમરેલી જિલ્લાના જાફરાબાદ શહેરના કોબળીની વાવ વિસ્તારમાં ધોળા દિવસે સિંહે એક આધેડ પર હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ વિસ્તારમાં રહેતા ૪૬ વર્ષીય શિનુભાઈ દેવાભાઈ બારૈયા પોતાના પશુઓ ચરાવવા માટે જઈ રહ્યા હતા, તે દરમિયાન અચાનક આવી ચડેલા એક સિંહે તેમના પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં શિનુભાઈને માથા તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના લોકો અને પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત શિનુભાઈને સારવાર અર્થે રાજુલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. ઈજાગ્રસ્તના સંબંધી મુકેશભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, રહેણાંક અને સીમ વિસ્તારમાં ધોળા દિવસે સિંહોની અવરજવરથી લોકોમાં ફફડાટ ફેલાયો છે. સ્થાનિકોએ વન વિભાગ દ્વારા આ સિંહને તાત્કાલિક પાંજરે પૂરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

વડિયા સરદાર પટેલ વિદ્યાલયના ત્રણ વિદ્યાર્થીઓ નિબંધ લેખન સ્પર્ધામાં ઝળક્યા

વડીયા,તા.૨૬



વડીયા ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા તાજેતરમાં યોજાયેલી નિબંધ લેખન સ્પર્ધામાં વડીયાની સરદાર પટેલ વિદ્યાલયના ત્રણ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ સફળતા મેળવી છે. જેમાં ધોરણ ૮માં અભ્યાસ કરતી પરમાર પલક અનિલભાઈ અને ધોરણ ૬માં અભ્યાસ કરતા રુદ્રગીરી દીપકગીરી ગોસ્વામીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે ધોરણ ૬ની ઉર્વિશા અજયભાઈ મકવાણાએ દ્વિતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સાવરકુંડલામાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

ઓપીડીમાં ૧૧૩ દર્દીઓએ લાભ લીધો, ૨૮ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરાશે

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલામાં સદ્‌ગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી તથા સુદર્શન નેત્રાલય હોસ્પિટલ, અમરેલી દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. જેમાં ઓપીડીમાં ૧૧૩ દર્દીઓએ નિદાનનો લાભ લીધો હતો, જ્યારે ૨૮ દર્દીઓએ મોતિયાના ઓપરેશન માટે લાભ લીધો હતો. કેમ્પનું ઉદ્ઘાટન કબીર ટેકરીના મહંત અરુણજી સાહેબ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સુદર્શન નેત્રાલયના કર્મચારીઓ અને સ્વયંસેવકોએ દર્દીઓની સેવા કરી હતી. છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે આ સેવાકીય કેમ્પનું નિયમિત આયોજન કરવામાં આવે છે.

અમરેલીના ચિંતન ઠાકરે ૧૨,૫૦૦ ફૂટ ઊંચું કેદારકંઠા શિખર સર કર્યું

અમરેલી,તા.૨૬



અમરેલીની સાર્મથ્ય એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ સાથે જોડાયેલા ચિંતન ઠાકરે ઉત્તરાખંડના હિમાલયમાં આવેલું ૧૨,૫૦૦ ફૂટ ઊંચું પૌરાણિક કેદારકંઠા શિખર સફળતાપૂર્વક સર કર્યું છે. આશરે ૨૦ કિલોમીટરના આ કપરા ટ્રેક દરમિયાન તેમણે ચાર દિવસ સુધી મોબાઈલ નેટવર્ક, વીજળી અને પાણી જેવી સુવિધા વગર ટેન્ટમાં રહીને માઈનસ પથી ૧૦ ડિગ્રી ઠંડીનો સામનો કર્યો હતો. શિખર પર ભારતનો તિરંગો લહેરાવી અમરેલીનું ગૌરવ વધાર્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ સંસ્થા, પરિવારજનો અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.

બાબરા-દરેડ રોડ પર ખાખરીયા ચોકડીથી શંકાસ્પદ હાલતમાં ફરતા ત્રણ ઝડપાયા

બાબરા, તા. ૨૬

બાબરા-દરેડ રોડ પર ખાખરીયા ચોકડી પાસેથી શંકાસ્પદ હાલતમાં ફરતા ત્રણ શખ્સો ઝડપાયા હતા. પ્રકાશ બારૈયા, મહેશ બારૈયા અને દિપકભાઈ ચુડાસમા સૂર્યાસ્તથી સૂર્યોદય દરમિયાન કોઈ મિલકત સંબંધી કોગ્નિઝેબલ ગુનો કરવાના ઈરાદે રખડતા-ભટકતા અને શંકાસ્પદ હાલતમાં પોતાની હાજરી છુપાવવાની કોશિશ કરતા મળી આવ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય. એચ. પરમાર આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં બેવડી ઋતુનો અનુભવ: સવારે ઠંડી, બપોરે ગરમીથી લોકો પરેશાન

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં શિયાળાની શરૂઆત સાથે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો જોવા મળે છે, જ્યારે બપોરે તડકાને કારણે ગરમીનો અહેસાસ થાય છે. ખાસ કરીને સવારે ઠંડક અને બપોરે ગરમ વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે અને લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમરેલીમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અવસાન નોંધ

બગસરા

સૌરાષ્ટ્ર મેવાડા બ્રાહ્મણ મૂળ ડુંગર હાલ બગસરા નિવાસી મનહરભાઈના પત્ની પદ્માગૌરી મનહરભાઈ ત્રિવેદી ઉંમર વર્ષ ૮૨ તે કપિલભાઈ ત્રિવેદી (પ્રોફેસર ધાણક કોલેજ) તેમજ દીપકભાઈના માતુશ્રીનું તા. ૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૭ને શુક્રવાર સાંજે ૪ થી ૬ બ્રહ્મ સમાજની વાડી બગસરા ખાતે રાખેલ છે.

બગસરા

શ્રી દશા સોરઠીયા વાણીક જ્યોતિબેન રમેશભાઈ સાંગાણી ઉંમર વર્ષ ૬૯ તે પ્રવીણભાઈ, મનસુખભાઈ, નટુભાઈ સાંગાણી, ઉષાબેન, નિલેશભાઈ, ધ્રુવના ભાભી તેમજ શૈલેષભાઈ મલકાણાના બેનનું તા. ૨૪ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬ને ગુરૂવાર બપોરે ૪ થી ૬ તેમના નિવાસ્થાન ૧ જીવંતિકા નગર, ગાંધીગ્રામ, બટુક મહારાજની ગૌશાળા ખાતે રાખેલ છે.









લાઠીના મહે. જયુ.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. લાઠી

ફો.પ.અ.નં. ૧૭૯/૨૦૨૬
મુદત તા.૦૭/૧૨/૨૦૨૬

અરજદાર :- કનુભાઈ જીલુભાઈ ખુમાણ
રહે.આસોદર, તા.લાઠી જી.અમરેલી
- //વિરૂદ્ધ//-
સામાવાળા :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી તલાટી કમ મંત્રીશ્રી, આસોદર ગ્રામ પંચાયત કચેરી,
મુ.આસોદર, તા.લાઠી, જી.અમરેલી.
અરજદારના વિ.વકીલશ્રીઃ કે.સી.મકવાણા

-// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર કનુભાઈ જીલુભાઈ ખુમાણ તેમના દાદી રાણબાઈબેન મેરામભાઈ ખુમાણ નાઓનુ મરણ તા.૨૪/૦૮/૨૦૦૫ ના રોજ મોજે ગામ:આસોદર તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓના દાદીની મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૦૭/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૫' મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તૈયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ

(મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર



રાજુલામાં આવેલા મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની પૂજ્ય બાવાશ્રીએ લીધી મુલાકાત

હવેલીના ટ્રસ્ટીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરમાં ગોવર્ધનનાથજી હવેલી ટ્રસ્ટ દ્વારા ભાગવત સપ્તાહના આયોજન નિમિત્તે આવેલા ગૌસ્વામી ૧૦૮ આહિતાગ્નિ પુરુષોત્તમ લાલજી મહારાજ (રાજુ બાવા)એ



તસવીર : ગોપાલ રાઠોડ

મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની મુલાકાત લીધી હતી. આ તકે હોસ્પિટલના ટ્રસ્ટી બીપીનભાઈ લહેરી સહિત હવેલીના ટ્રસ્ટીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાવાશ્રીએ હોસ્પિટલમાં દર્દીઓને અપાતી નિઃશુલ્ક સારવાર, રહેવા-જમવાની વ્યવસ્થા અને સ્વચ્છતા નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવી સ્વચ્છતા અને નિઃશુલ્ક સારવાર ભાગ્યે જ જોવા મળે છે. હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને સ્ટાફની સેવાકીય કામગીરીને અભિનંદન આપી આશીર્વાદ પાઠવ્યા હતા.

સા.કુંડલામાં ગેસ સિલિન્ડરની અછતથી લોકો પરેશાન, મહેશ કસવાલાની કલેકટર અને IOCને રજૂઆત

એક વર્ષથી અનિયમિત પુરવઠાની સમસ્યા, પૂરતો ગેસ સપ્લાય આપવા ધારાસભ્યની માંગ

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા શહેરમાં ગેસ સિલિન્ડરના અપૂરતા અને અનિયમિત પુરવઠાને લઈને ધારાસભ્ય મહેશ કસવાલાએ જિલ્લા કલેકટર અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)ના અધિકારીઓને તાત્કાલિક રજૂઆત કરી છે. શહેરમાં છેલ્લા એક વર્ષથી ગેસ સિલિન્ડરના પુરવઠાની સમસ્યા યથાવત્ રહેતા નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વહેલી સવારે પણ લોકો ગેસની અછત અંગે ફોન કરીને પોતાની ફરિયાદો રજૂ કરી રહ્યા છે. રોજિંદા જીવનની આવશ્યકતા



એવા ગેસ સિલિન્ડર માટે લોકોને પરેશાન થવું પડે તે યોગ્ય નથી. આ સમસ્યાની તપાસ કરી સાવરકુંડલામાં પૂરતો અને નિયમિત ગેસ પુરવઠો મળે તેવી વ્યવસ્થા કરવા માંગ કરવામાં આવી છે. સાથે જ ગેસ એજન્સીના ટ્રાન્સફરની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય અને તે દરમિયાન વિતરણ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન આવે તેની તકેદારી રાખવા પણ રજૂઆત કરવામાં આવી છે. સંબંધિત તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠાવી છે.

ખાંભાના કંટાળા ગામના વેપારીને ભારરિક્ષા ચાલકે ટક્કર મારી

ખાંભા,તા.૨૬

ખાંભાના કંટાળા ગામના વેપારીને ભાર રિક્ષા ચાલકે ટક્કર મારી હતી. મધુભાઈ ભગવાનભાઈ મકવાણા (ઉ.વ. ૪૦)એ ભાર રિક્ષા નંબર **GJ-03-BX-5060** ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા સાહેદ તેમની મોટરસાયકલ લઈને ધુંધવાણાથી કંટાળા જતા હતા. તે દરમિયાન ધુંધવાણા ગામના ભુરાભાઈ રાઠોડની દુકાન પાસે પહોંચતા, આરોપીએ પોતાના હવાલાવાળી વાદળી કલરની બજાજ કંપનીની મેક્સિમા ભાર રિક્ષા પૂરઝડપે, બેફિકરાઈથી અને માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી પાછળથી તેમને ટક્કર મારી હતી. જેના કારણે તેમને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ રિક્ષાચાલક સ્થળ પરથી નાસી ગયો હતો.

બગસરા શહેરમાં મજૂરીના પૈસાના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી

ઢીકાપાટુ મારીને ગાળો પણ આપી

બગસરા, તા. ૨૬

બગસરામાં મજૂરીના પૈસાના મનદુઃખમાં જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી તેમજ ઢીકાપાટુ મારીને ગાળો પણ આપવામાં આવી હતી. ઉમેશભાઈ મનહરભાઈ થડેસા (મકવાણા) (ઉં.વ.૨૩) એ જૂનાગઢના ડુંગરપુરના રહેવાસી ભાવિન કાંતિભાઈ નાગપરા, કરણ ડાભી, મિલન તથા ગોપાલ ઉર્ફે રવિ સામે ફરિયાદ નોંધાવી હતી.ઉમેશભાઈને સાગરભાઈ અરવિંદભાઈ જીંજુવાડિયા સાથે મજૂરીના પૈસા લેવા બાબતે માથાકૂટ થઈ હતી. તેનું મનદુઃખ રાખી સાગરભાઈના ભાણેજ ભાવિન કાંતિભાઈ નાગપરા તથા તેની સાથે કરણ ડાભી, મિલન અને ગોપાલ ઉર્ફે રવિએ તેમના ઘર પાસે આવી માથામાં કપાળના ભાગે બેઝબોલના ધોકાનો એક ઘા મારી ત્રણ ટાંકાની ઈજા પહોંચાડી હતી. ઉપરાંત, કરણ ડાભી, મિલન તથા ગોપાલ ઉર્ફે રવિએ ઉમેશભાઈ તથા તેમના ભાઈ જગદીશને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. ભાલ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના વેપારીને APK ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી

અમરેલી, તા. ૨૬

અમરેલીના એક વેપારીને **APK** ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી હતી, જેમાં વેપારીના ખાતામાંથી રૂ. ૯૮,૦૦૦ ઉપડી ગયા હતા.

બનાવ અંગે વિજયભાઈ પોલાભાઈ ખાતરા (ઉં.વ.૪૮) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોબાઈલમાં 'ઈ-ચલણ' નામની **APK** ફાઈલ આવતાં તેમણે તે ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ આરોપીએ ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા અપ્રમાણિકતાથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને ફરિયાદીના બેંક ખાતામાંથી કુલ રૂ. ૯૮,૦૦૦ મેળવી લઈ છેતરપિંડી આચરી હતી. આ અંગે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચામાં શૈલેષ સોલંકીની વરણી

અમરેલી,તા.૨૬

અમરેલી શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચામાં ભાજપના સક્રિય કાર્યકર શૈલેષભાઈ સોલંકીની વરણી કરવામાં આવતા તેમને શુભેચ્છાઓ પાઠવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ વસરા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ,



અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરતભાઈ મકવાણા, રાજુભાઈ ભુવા અને કેશુભાઈ દેવાણી ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોએ શૈલેષભાઈ સોલંકીને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કર્યા હતા અને નવી જવાબદારી બદલ અભિનંદન પાઠવી ઉજ્જવળ રાજકીય કારકિર્દી માટે શુભકામનાઓ આપી હતી.

સાવરકુંડલામાં ટ્રાફિકને અડચણરૂપ લારી ઊભી રાખનાર શખ્સ સામે પોલીસ કાર્યવાહી

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા શહેરના જાહેર માર્ગ પર રાહદારીઓ અને વાહનવ્યવહારને અડચણરૂપ થાય તે રીતે લારી ઊભી રાખી ટ્રાફિક સમસ્યા સર્જનાર શખ્સ વિરુધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી રોડ પર ટાવર સામે એક યુવકે પોતાના કબજાની હાથ-પગમાં પહેરવાના મોજા ભરેલી લારી જાહેર રસ્તા પર એવી રીતે ઊભી રાખી હતી કે જેનાથી આવતા-જતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી હતી તેમજ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી, જેથી પોલીસે તેની સામે કાર્યવાહી કરી હતી. શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

બાબરાના કોટડાપીઠા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફાળવવાની માંગ ઉઠી

તાલુકા પંચાયત પ્રમુખ તુષાર રામાણીએ આરોગ્ય મંત્રીને કરી લેખિત રજૂઆત

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) શરૂ કરવાની માંગ ઉઠી છે. બાબરા તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ નારણભાઈ રામાણીએ ગુજરાતના આરોગ્ય



મંત્રીને લેખિત રજૂઆત કરી છે. કોટડાપીઠા ગામ આસપાસનાં ૧૫થી ૨૦ ગામો માટે મુખ્ય કેન્દ્ર હોવાથી અહીં આરોગ્ય કેન્દ્ર જરૂરી છે. હાલમાં દર્દીઓને સારવાર માટે બાબરા અને અમરેલી સુધી જવું પડે છે. ખાસ કરીને અકસ્માત, પ્રસૂતિ અને ગંભીર બીમારીઓમાં મુશ્કેલી પડે છે. **CHC** શરૂ થાય તો નિષ્ણાત તબીબો, લેબોરેટરી, એક્સ-રે, સર્જરી અને ૨૪ કલાક ઇમરજન્સી સારવારની સુવિધા મળી શકે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પણ રાહત મળે તે માટે વહેલી તકે મંજૂરી આપવા માંગ કરાઈ છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: ત્રીજ, ચોથ
તા.૨૭-૧૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૫૨,
સૂર્યાસ્ત-૦૬:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

દૈનિક રાશિફળ

તા.૨૭-૧૧-૨૦૨૬ શુક્રવાર

મેષ: જો તમે આજે કોઈ બેંક કે સંસ્થા પાસેથી લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તે ન લો કારણ કે તેને ચૂકવવામાં મુશ્કેલી પડશે. આજે તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

વૃષભ: આજે તમારે થોડી મુસાફરી કરવી પડી શકે છે, પરંતુ કાળજીપૂર્વક મુસાફરી કરો. આજે સાંજે તમને માંગલિક સમારોહમાં હાજરી આપવાની તક મળશે.

મિથુન: આજનો દિવસ તમારા માટે નકામો સાબિત થશે, પરંતુ તમારે તેનાથી બચવું પડશે. આજે તમને તમારા બાળકો તરફથી કોઈ સારા સમાચાર સાંભળવા મળી શકે છે.

કર્ક: આજે તમારા વ્યવસાયમાં કોઈ બાહ્ય સોદો થઈ શકે છે, જેની તમે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. માતા તરફથી પ્રેમ અને સ્નેહ મળવાની શક્યતા છે.

સિંહ: જો આંખો સંબંધિત કોઈ સમસ્યા હોય તો આજે તેમાં ચોક્કસ સુધારો થશે. આજે સાસરિયા પક્ષના કોઈ વ્યક્તિ સાથે અણબનાવ થઈ શકે છે,

કન્યા: આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને તમે હિંમતથી તમારા મુશ્કેલ કાર્યો પૂર્ણ કરવામાં સફળ થશો. આજે કેટલીક શારીરિક મુશ્કેલીઓ તમારા જીવનસાથીને પરેશાન કરી શકે છે.

તુલા: આજે તમારા હકો અને મિલકતમાં વધારો થશે, આજે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ ભક્તિ અને વફાદારી રહેશે. જો તમે કોઈ નવા કાર્યમાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો,

વૃશ્ચિક: આજે તમારે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડશે અને વ્યવસાયમાં તમારા પ્રયત્નો પણ સફળ થશે, જેના કારણે તમારું મન અશાંત રહેશે.

ધનુ: આજે તમારામાં દાન કરવાની ભાવના વિકસશે. આજે તમને તમારા સાસરિયાઓ તરફથી નાણાકીય લાભ મળતો જોવા મળી રહ્યો છે,

મકર: આજે તમને કંઈક મૂલ્યવાન મળી શકે છે, પરંતુ તે જ સમયે કેટલાક બિનજરૂરી ખર્ચાઓ પણ સામે આવશે, જે તમારે ન ઇચ્છતા હોવા છતાં કરવા પડશે.

કુંભ: આજે તમે બુદ્ધિ અને વિવેકથી તમારા વ્યવસાયમાં નવી શોધ કરવામાં સફળ થશો. જો તમે આજે કોઈ નિર્ણય લેશો, તો ભવિષ્યમાં તમને તેનો સંપૂર્ણ લાભ પણ મળશે.

મીન: જો તમારું કોઈ અધૂરું કામ લાંબા સમયથી બાકી હતું, તો તે આજે પૂર્ણ થઈ શકે છે. આજે તમે તમારા પુત્ર કે પુત્રીના લગ્ન સંબંધિત નિર્ણય લઈ શકો છો,

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવોમાં ત્રણ લોકોનાં મોત

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવોમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. પ્રથમ બનાવમાં, બાબરાના વાવડા ગામે રહેતા રમેશભાઈ નાનજીભાઈ મકવાણા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, નાનજીભાઈ ગગજીભાઈ મકવાણા (ઉ.વ.૭૦) ગોખલાણા-વાવડા રોડ પર વાવડા ગામની સીમમાંથી પસાર થતા હતા ત્યારે અચાનક કૂતરું આડું ઊતરતાં મોટરસાયકલને બ્રેક મારી હતી. જેથી મોટરસાયકલ સ્લિપ થઈ જતાં તેઓ રોડ પર ફંગોળાયા હતા. માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં, લીલીયાના ભોરીંગડા ગામે રહેતા મુકેશભાઈ દેવજીભાઈ ચૌહાણ (ઉં.વ. ૪૫) એ જાહેર કર્યા મુજબ, પ્રકાશભાઈ હિંમતભાઈ ચૌહાણ (ઉં.વ.૪૫)ને છેલ્લા છ મહિનાથી કમળાની બીમારી હતી, જેના કારણે તેમણે ખાવા-પીવાનું બંધ કરી દીધું હતું. ત્યારબાદ છાતીમાં દુખાવો ઉપડતાં હૃદય બંધ પડી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.ત્રીજા બનાવમાં, ભાવનગરના ખાટડી ગામે રહેતા બુધાભાઈ નાનુભાઈ ગોયલ (ઉં.વ. ૫૨)એ જાહેર કર્યા મુજબ, શૈલેષભાઈ બુધાભાઈ ગોયલ (ઉં.વ. ૨૮)ને ધંધાની ચિંતા તેમજ માનસિક બીમારીની દવા ચાલુ હતી. જેનાથી કંટાળી જઈ તેમણે પોતાની મેળે ઘરે એસિડ પી લેતાં સારવાર દરમિયાન (અથવા 'એસિડ પી લેતાં') તેમનું મૃત્યુ થયું હતું.

બાબરા નગરપાલિકાના સફાઈ કામદારે પગાર ન થતાં ફિનાઈલ પીધું

બાબરા, તા.૨૬

બાબરા નગરપાલિકાના સફાઈ કામદારે પગાર ન થતાં ફિનાઈલ પીધું હતું. આ અંગે વિનોદભાઈ રમેશભાઈ વાળોદરા (ઉ.વ.૩૯)એ તેઓ તથા તેના પરિવારના ત્રણ સભ્યોને છેલ્લા ત્રણ મહિનાથી પગાર થયો નહોતો.

સાધારણ સભાની મીટિંગમાં તેઓ, તેમના પિતાએ પગાર બાબતે રજૂઆત કરી હતી. પરંતુ ચીફ ઓફિસર તથા નગરપાલિકાના પ્રમુખે થોડા દિવસ રાહ જોવા જણાવ્યું હતું. તેના પિતાએ કહ્યું કે, અમારે ઘર કેમ ચલાવવા, અમારે મરવાનો વારો આવશે તેમ કહી તેના પિતા ફિનાઈલ પીવા જતાં તેના હાથમાંથી ફિનાઈલની બોટલ લઈ પોતાની મેળે થોડું પી લેતા સારવારમાં દાખલ કર્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે એસ ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

બગોયાથી કૃષ્ણગઢ રોડ પર અકસ્માતમાં ખાંભાનો યુવક ઘાયલ

સાવરકુંડલા,તા.૨૬

બગોયાથી કૃષ્ણગઢ રોડ પર સર્જાયેલા અકસ્માતમાં ખાંભાનો યુવક ઘાયલ થયો હતો. આ અંગે ખાંભાના ભગવતીપરામાં રહેતા રફીકભાઈ મહમદભાઈ દલ (ઉં.વ.૪૭)એ ભારવાહક વાહન (કેરી) નંબર જીજે-૩૬-વી-૧૮૬૨ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, આરોપીએ પોતાના હવાલાવાળું વાહન (કેરી ગાડી) પૂરઝડપે અને બેફિકરાઈથી, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી ફરિયાદીના દીકરાની મોટરસાઈકલ સાથે અથડાવ્યું હતું. આ અકસ્માતમાં તેમના દીકરા સમીરને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ ઉપરાંત, તેને મોઢાના ભાગે દાઢી, ગાલ તથા કપાળમાં, ડાબી બાજુની છાતીમાં અને ખભા પાસે હાંસડીના ભાગે ફેક્ચર થયું હતું તેમજ શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી.

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૫૦/૨૦૨૬

પુનીબેન અરજણભાઈ ખાંભુ
રહે.ભાખા, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી
ભાખા ગ્રામપંચાયત .....સામાવાળા
અરજદારના વિ.વકીલ શ્રી:-એસ.બી.ભાલીયા

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૫૦/૨૦૨૬થી મરણનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર પુનીબેન અરજણભાઈ ખાંભુ નાઓ એ તેમના પીતાશ્રી અરજણભાઈ ભીમાભાઈ ખાંભુ નાઓનું મરણનું પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૨૮/૧૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઇ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫ માહે નવેમ્બર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સિવિલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (ડી.જી.પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૩૨/ ૨૦૨૬
મુદત તારીખ - ૧૬ / ૧૨/૨૦૨૬

અરજદાર :- ભુપતભાઈ ભાણાભાઈ બારૈયા
રહે.લોઠપુર, તા.જાફરાબાદ,જી. અમરેલી
-વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,

વિરૂધ્ધ

સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી, કોડિનાર નગરપાલીકા
મું.-કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભુપતભાઈ ભાણાભાઈ બારૈયા, રહે.લોઠપુર, તા. જાફરાબાદ,જી. અમરેલી વાળાએ તેમના પુત્ર પૃથ્વી ભુપતભાઈ બારૈયાનો જન્મ તા. ૦૧/૦૬/૨૦૦૯ ના રોજ કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૧૬/૧૨/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ)

મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેનડેન્ટ)

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એન.એન.પંડયા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

તંત્રી લેખ

સંસદનું શિયાળુ સત્ર અને લોકશાહીની અપેક્ષાઓ

ભારતીય લોકશાહીનું સૌથી મોટું સૌંદર્ય એ છે કે અહીં વિવિધ વિચારો, માન્યતાઓ અને રાજકીય દૃષ્ટિકોણ ધરાવતા લોકો એક જ મંચ પર દેશના ભવિષ્ય અંગે ચર્ચા કરી શકે છે. સંસદ આ લોકશાહી વ્યવસ્થાનું સૌથી મહત્ત્વનું કેન્દ્ર છે. દેશના કરોડો નાગરિકોની આશાઓ અને અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરતી સંસદમાં જ્યારે કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાય છે ત્યારે તેની અસર માત્ર વર્તમાન પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ આવનારી પેઢીઓના ભવિષ્યને પણ પ્રભાવિત કરે છે. તેથી સંસદનું દરેક સત્ર વિશેષ મહત્ત્વ ધરાવે છે. આગામી સંસદ સત્રને લઈને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓ આ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓને ૧૫ ડિસેમ્બર પહેલાં યોજાનાર સંસદના આગામી સત્રની તૈયારીઓ પૂર્ણ કરવા અને તે પહેલાં વિદેશ પ્રવાસ ટાળવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે. કેબિનેટની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા થઈ હતી. જોકે, સત્ર કઈ તારીખથી શરૂ થશે અને કેટલા દિવસ ચાલશે તેનો આખરી નિર્ણય સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ લેશે. સરકારની આ તૈયારી દર્શાવે છે કે આગામી દિવસોમાં સંસદની કામગીરીને લઈને મહત્ત્વપૂર્ણ આયોજન થઈ રહ્યું છે. આગામી સત્રમાં મહિલા અનામત સંબંધિત સુધારા ખરડો અને તેની સાથે જોડાયેલો પરિસીમન ખરડો રજૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બંને મુદ્દા દેશના રાજકીય અને સામાજિક માળખા સાથે સીધા જોડાયેલા છે. ખાસ કરીને મહિલા અનામતનો વિષય ભારતીય લોકશાહીમાં મહિલાઓની ભાગીદારી વધારવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું બની શકે છે. ભારતે શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, ઉદ્યોગ, સંરક્ષણ અને રાજકારણ સહિત અનેક ક્ષેત્રોમાં મહિલાઓની ક્ષમતાનો પરિચય મેળવ્યો છે. તેમ છતાં દેશની રાજકીય નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવાની જરૂરિયાત હજુ પણ અનુભવાય છે. સંસદમાં માત્ર મહિલા અનામત અને પરિસીમન જેવા મુદ્દાઓ જ નહીં, પરંતુ મોંઘવારી, રોજગારી, શિક્ષણ, આરોગ્ય, ખેડૂતોની સમસ્યાઓ, યુવાનોનું ભવિષ્ય, આંતરિક સુરક્ષા અને આર્થિક વિકાસ જેવા વિષયો પર પણ ચર્ચા થવી જોઈએ. સામાન્ય નાગરિકને અસર કરતા પ્રશ્નો સંસદની પ્રાથમિકતામાં હોવા જોઈએ. સંસદનું સત્ર માત્ર રાજકીય નિવેદનો કે એકબીજા પર આક્ષેપો કરવા માટેનું મંચ નથી. તે દેશની સમસ્યાઓના ઉકેલ શોધવાનું અને ભવિષ્યની નીતિઓ ઘડવાનું સ્થાન છે. સરકાર દ્વારા મંત્રીઓને સંસદ સત્ર માટે તૈયાર રહેવા આપવામાં આવેલી સૂચના આવકારદાયક છે. હવે જરૂરી છે કે આ તૈયારીનો લાભ દેશને મળે. સરકાર મહત્ત્વના ખરડાઓ સાથે જનહિતના પ્રશ્નો પણ ચર્ચા માટે રજૂ કરે અને વિપક્ષ પોતાની રચનાત્મક ભૂમિકા નિભાવે. બંને પક્ષો વચ્ચે મતભેદ હોવા સ્વાભાવિક છે, પરંતુ રાષ્ટ્રહિતના પ્રશ્નોમાં સહમતી શોધવાનો પ્રયાસ થવો જોઈએ. મહિલા સશક્તિકરણ, રાજકીય પ્રતિનિધિત્વ અને સંઘીય વ્યવસ્થાના સંતુલન જેવા વિષયો પર ગંભીર ચર્ચા થાય તો આગામી સત્ર ભારતીય લોકશાહીના ઇતિહાસમાં મહત્ત્વપૂર્ણ બની શકે છે. સંસદમાં બહુમતીનું મહત્ત્વ છે, પરંતુ લોકશાહીની સાચી તાકાત સર્વસમાવેશક વિચાર અને સંવાદમાં રહેલી છે. સંસદનું આગામી સત્ર આ ભાવનાને વધુ મજબૂત બનાવે તેવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

ભારત પર ટેરિફની તલવાર ફરી તોળાઈ છતા ડીલની આશા જીવંત



વૈશ્વિક વેપારમાં ફરી એકવાર તણાવનું વાતાવરણ સર્જાયું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું છે. આ વખતે તેમનો નિશાનો કોઈ એક દેશ નથી, પરંતુ ભારત સહિત કુલ ૧૬ દેશ છે. અમેરિકાના વેપાર પ્રતિનિધિ કાર્યાલય એટલે કે યુએસટીઆરના અહેવાલના આધારે આ નવો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આ દેશો સરકારી સબસિડી અને મદદના જોરે જરૂરિયાત કરતાં વધુ ઉત્પાદન કરી રહ્યા છે. તેના કારણે વૈશ્વિક બજારમાં સસ્તો માલ ઠલવાઈ રહ્યો છે અને અમેરિકાની કંપનીઓને સ્પર્ધામાં નુકસાન થઈ રહ્યું છે. આ સ્થિતિને અમેરિકાએ સ્ટ્રક્ચરલ એક્સેસ કેપેસિટી એટલે કે જરૂરિયાત કરતાં વધુ ઔદ્યોગિક ક્ષમતાનું નામ આપ્યું છે. આ આરોપના આધારે હવે નવા શુલ્ક લાદવાની તૈયારી ચાલી રહી છે.

આ પ્રસ્તાવમાં ભારત પર ૨૫ ટકા સુધી ટેરિફ લગાવવાની વાત કરવામાં આવી છે. જોકે સાથે સાથે એક રાહતનો માર્ગ પણ ખુલ્લો રાખવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે જો અમેરિકા સાથે વેપાર સમજૂતી થઈ જાય તો આ શુલ્ક ઘટીને ૧૭ ટકા થઈ શકે છે. એટલે કે એક તરફ દબાણ છે અને બીજી તરફ સમજૂતીનો દરવાજો પણ ખુલ્લો છે. ચીન પર ૨૦ ટકા નવા ટેરિફનો પ્રસ્તાવ છે. જો તે લાગુ થાય તો ચીન પર કુલ ટેરિફ ૪૫ ટકા સુધી પહોંચી જવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત યુરોપિયન સંઘ, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, વિયેતનામ, તાઈવાન, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે, સિંગાપોર, બાંગ્લાદેશ અને કંબોડિયા જેવા દેશો પણ આ યાદીમાં સામેલ છે. આ યાદી જોતાં સ્પષ્ટ થાય છે કે આ મુદ્દો માત્ર ભારત કે ચીન પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર વૈશ્વિક ઉત્પાદન વ્યવસ્થા સાથે જોડાયેલો છે.

યુએસટીઆરનો દાવો છે કે માર્ચ ૨૦૨૬ થી આ ૧૬ દેશ વિરુધ્ધ તપાસ ચાલી રહી હતી. તપાસમાં એવું જાણવા મળ્યું કે ઘણા દેશોમાં સરકારી સબસિડીના કારણે ઉત્પાદન ઘરેલુ માંગ કરતાં વધુ થઈ રહ્યું છે. જ્યારે કોઈ દેશ પોતાની જરૂરિયાત કરતાં વધુ માલ બનાવે છે ત્યારે તે માલને બજારમાં વેચવા માટે ભાવ ઘટાડવા પડે છે. તેનાથી બીજા દેશોના ઉત્પાદકોને નુકસાન થાય છે. અમેરિકાનું કહેવું છે કે તેની સાથે પણ આવું જ થઈ રહ્યું છે. આ નવી તપાસ અમેરિકાના ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળ કરવામાં આવી છે. આ કલમ અમેરિકાને અન્યાયી વેપાર પ્રથાઓ સામે પગલાં લેવાનો અધિકાર આપે છે. અગાઉ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના જૂના ટેરિફને ફગાવી દીધા હતા. તેથી હવે નવી કાનૂની જોગવાઈ હેઠળ આ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે, જેથી તેને કાયદાકીય રીતે મજબૂત આધાર મળે અને બાકીના દેશો સાથે સમજૂતી માટે દબાણ ઊભું થઈ શકે.

આ સમગ્ર મામલામાં સૌથી મહત્વનો સવાલ એ છે કે ટ્રમ્પ ફરી ટેરિફ શા માટે છેડી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે મિડટર્મ ચૂંટણીમાં મળેલી હાર બાદ ટ્રમ્પ ઘેરાયેલા છે. દેશની અંદર રાજકીય દબાણ વધ્યું છે. તેવા સમયે અન્ય દેશો પર દબાણ લાવવા માટે ટેરિફ વોરનો માર્ગ અપનાવવામાં આવી રહ્યો છે. ટેરિફ દ્વારા અમેરિકા એવો સંદેશ આપવા માંગે છે કે તે પોતાના ઉદ્યોગો અને રોજગારનું રક્ષણ કરશે. બીજી તરફ, આ દબાણનો ઉપયોગ સમજૂતી માટે સોદાબાજીના સાધન તરીકે પણ થઈ રહ્યો છે. એટલે કે ટેરિફ એ અંતિમ લક્ષ્ય નથી, પરંતુ વાટાઘાટોના ટેબલ પર પોતાની શરતો મનાવાનું માધ્યમ છે.

ભારત માટે આ સ્થિતિ ચિંતાજનક હોવા છતાં આશાસ્પદ પણ છે. ચિંતાનું કારણ એ છે કે ભારત પર યુરોપિયન સંઘ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અને જાપાનની તુલનામાં વધુ શુલ્ક લાગી શકે છે. તેની સીધી અસર નિકાસ પર પડી શકે છે. ખાસ કરીને ટેક્સટાઇલ, સ્ટીલ, સોલર મોડ્યુલ, પેટ્રો ઉત્પાદનો, ઓટોમોબાઈલ અને જેમ્સ-જ્વેલરી જેવા ક્ષેત્રો પર અસરની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ક્ષેત્રો લાખો લોકોને રોજગાર આપે છે અને ભારતની નિકાસમાં તેમનો મોટો હિસ્સો છે. જો શુલ્ક વધે તો અમેરિકાના બજારમાં ભારતીય માલ મોંઘો થશે અને સ્પર્ધામાં મુશ્કેલી ઊભી થશે. જોકે આશાનું કિરણ એ છે કે ટેરિફ છતાં ભારતની નિકાસ વધી રહી છે. એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસ ૧૪.૪૮ ટકા વધીને ૫૯.૫૨ અબજ ડોલર રહી હતી. માત્ર ઓક્ટોબર મહિનામાં જ ૪૫ ટકાનો વધારો નોંધાયો હતો. આ આંકડા બતાવે છે કે ભારતીય ઉદ્યોગોમાં સ્થિતિસ્થાપકતા છે અને અમેરિકાના ગ્રાહકોમાં ભારતીય માલની માંગ હજુ પણ મજબૂત છે.

ભારત અને અમેરિકા વચ્ચે સમજૂતી થઈ શકશે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન છે. ફેબ્રુઆરીમાં ભારત પર ૧૮ ટકા ટેરિફ લાગ્યા બાદ સમજૂતી અંતિમ થઈ ન હતી. ત્યારબાદ ઘણા તબક્કાની વાતચીત થઈ ચૂકી છે. બંને દેશો પોતપોતાના હિતોનું રક્ષણ કરવા માંગે છે. ભારત પોતાના ખેડૂતો, નાના ઉદ્યોગો અને સ્થાનિક ઉત્પાદકોના હિતો સાથે સમાધાન કરવા માંગતું નથી. અમેરિકા પોતાના બજારમાં વધુ પ્રવેશ માંગે છે. આ વાટાઘાટોમાં સમય લાગે તે સ્વાભાવિક છે. પરંતુ બંને દેશો વચ્ચેનો વ્યૂહાત્મક સંબંધ અને વેપારનું કદ જોતાં સમજૂતીની શક્યતા નકારી શકાય તેમ નથી. યુએસટીઆરએ હાલ માત્ર ટેરિફનો પ્રસ્તાવ મૂક્યો છે. ત્યારબાદ સંબંધિત દેશો સાથે વાતચીત થશે. એટલે કે આ ટેરિફ તાત્કાલિક લાગુ થવાના નથી. વાતચીત માટે હજુ સમય છે અને તે સમયનો ઉપયોગ સમજૂતી માટે થઈ શકે છે.

આ ટેરિફને કાયદાકીય રીતે પડકારવો કેટલો શક્ય છે તે અંગે પણ ચર્ચા ચાલી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટમાં તેને પડકારવો મુશ્કેલ હશે, કારણ કે તેને અમેરિકી કાયદા હેઠળ લાવવામાં આવ્યો છે. અમેરિકાની સંસદમાં વિપક્ષી ડેમોક્રેટ્સ તેને લાવી શકે છે, પરંતુ તે માટે સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી જોઈએ છે, જે મેળવવી સરળ નથી. એટલે કે કાયદાકીય માર્ગે આ ટેરિફને રોકવો અઘરો છે. તેના બદલે રાજદ્વારી માર્ગે જ ઉકેલ લાવવો પડશે. યુરોપિયન સંઘે આ અંગે સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ઈયુએ કહ્યું છે કે તે ટ્રમ્પના ટેરિફને માનવા તૈયાર નથી અને જરૂર પડશે તો જવાબી ટેરિફ લગાવશે. આનાથી વેપાર યુધ્ધ વધુ તીવ્ર બનવાની ભીતિ ઊભી થઈ છે.

ચીને પણ આ પ્રસ્તાવનો આકરો વિરોધ કર્યો છે. ચીને અમેરિકી ટેરિફ પ્રસ્તાવને રાજકીય ચાલ ગણાવ્યો છે. ચીનનું કહેવું છે કે અમેરિકા જે વધારાની ઔદ્યોગિક ક્ષમતાને ટેરિફનો આધાર બનાવી રહ્યું છે તે ખોટો મુદ્દો છે. ચીને ચેતવણી આપી છે કે ટેરિફ અને ટ્રેડ વોર કોઈના હિતમાં નથી. ટ્રમ્પે હજુ પણ વલણ નરમ રાખવું જોઈએ અને ટેરિફથી દેશોને ડરાવવા જોઈએ નહીં. ચીનનું આ વલણ બતાવે છે કે મોટા દેશો આ દબાણ સામે ઝૂકવા તૈયાર નથી. તેના બદલે તેઓ પોતાનો પક્ષ મક્કમતાથી રજૂ કરી રહ્યા છે.

વૈશ્વિક વેપારના નિષ્ણાત એમિલી બ્લોન્શાર્ડનું માનવું છે કે આ પરિસ્થિતિને માત્ર દબાણ તરીકે ન જોવી જોઈએ. તેમના મતે એક તરફ ટ્રમ્પ દબાણ કરી રહ્યા છે, તો બીજી તરફ ટેરિફ છતાં ભારતની નિકાસ વધી રહી છે. આ બતાવે છે કે વેપાર સંબંધો માત્ર ટેરિફથી નક્કી થતા નથી. ગુણવત્તા, કિંમત, સમયસર ડિલિવરી અને વિશ્વાસ પણ તેમાં મહત્વનો ભાગ ભજવે છે. ભારતીય ઉદ્યોગોએ આ ગુણોના આધારે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

આખરે આ મામલો માત્ર ટેરિફના આંકડાનો નથી. તે વિશ્વાસ, સહકાર અને સંતુલિત વેપારનો છે. જો દેશો એકબીજા પર શુલ્ક વધારતા રહેશે તો તેની અસર સામાન્ય ગ્રાહક પર પડશે. માલ મોંઘો થશે, રોજગાર પર અસર થશે અને વૈશ્વિક અર્થતંત્રની ગતિ ધીમી પડશે. તેથી જરૂર છે સંવાદની, સમજૂતીની અને સૌના હિતોને ધ્યાનમાં રાખીને લેવાતા નિર્ણયની. ભારત માટે આ સમય ધીરજ અને દૂરંદેશી સાથે વાટાઘાટો કરવાનો છે. જો ભારત પોતાના ઉદ્યોગોના હિતોનું રક્ષણ કરતાં કરતાં અમેરિકા સાથે સંતુલિત સમજૂતી સુધી પહોંચે તો ૨૫ ટકાનો ભય ૧૭ ટકાની રાહતમાં ફેરવાઈ શકે છે. વેપારમાં દબાણ કાયમી હોતું નથી, પરંતુ સંબંધો કાયમી હોય છે. આ સમજ સાથે આગળ વધવામાં જ સૌનું હિત રહેલું છે.

શબ્દ સંજોગ-૨૩૦૧



આડી ચાવી :
(૧) ખાખરો (૩)
(૪) અજર અને અમર (૫)
(૮) આ માટી એટલે વેદ વેરી (૩)
(૧૦) લગ્ન પ્રસંગે વિધિ દરમિયાન રખાતો દીવો (૩)
(૧૧) બેનની દીકરી (૨)
(૧૨) કદાચ, કદાપી (૨)
(૧૫) આબરુ, સાચવવી તે (૪)
(૧૭) ભગવાન શ્રીરામના દાદાનુ નામ (૨)
(૧૮) જમીન ખોદવાનુ એક ઓજાર (૩)
(૨૦) મરનારની મીલકતનો હકદાર (૩)
(૨૧) કુબેરનો અનુચર (૨)
(૨૨) મુશ્કેલ, અઘરી (૩)
(૨૪) એક પક્ષી (૨)
(૨૫) 'ખબર-અંતર' થયા આ-અ (૬)
(૨૮) આપેલુ.....હંમેશા પાળો (૩)
(૩૦) એકની વાત બીજાને કહી દેવી તે (૨)
(૩૧) ઉજાસ, પ્રકાશ (૪)

ઉભી ચાવી :
(૨) તમારી.....હું સમજી શકુ છું (૩)
(૩) બાણ, તીર (૨)
(૫) વૃદ્ધાવસ્થા (૨)
(૬) એક રાગ (૩)
(૭) ચાલીસ શેરનુ તોલ (૨)
(૯) એક પ્રાણી (૩)
(૧૧) ભારત દેશને લગતુ (૪)
(૧૩) ધોબીને ધોવા આપેલા લૂંગડાની ગાંસડી (૨)
(૧૪) પોતાનુ (૨)
(૧૫) એક વિલાયતી દારૂ (૨)
(૧૬) ઈતિહાસ (૪)
(૧૭) સરસામાન (૪)
(૧૯) પાસુ, પડખુ (૨)
(૨૨) ઉંમર થાય એટલે મોં પર પડે જ (૪)
(૨૩) પડતી (૩)
(૨૫) અવાજ, ધ્વનિ (૨)
(૨૬) ...અપના -અપના (૩)
(૨૭) ચામડી (૨)
(૨૯) વહળો, ગરમાવુ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૯ જવાબ

આડી ચાવી: (૧) અંકોડો (૩) પોરબંદર (૬) લટાર (૮) ગમ (૯) લિબરલ (૧૧) ને (૧૨) દામ (૧૩) કાજ (૧૫) પાટી (૧૬) રક્ષા (૧૮) પરત (૨૧) રમા (૨૩) રમલ (૨૫) તાગ (૨૬) તંગલ (૨૮) તગજ (જગત) (૨૯) ટંકાર (૩૧) મગજ (૩૨) રસિક. **ઉભી ચાવી:** (૧) અંબાલિકા (૨) ડોલર (૩) પોર (૪) બંગ (૫) દમદાટી (૭) ટાલ (૧૦) બજર (૧૪) છાપ (૧૫) પાતર (૧૭) ક્ષાર (૧૯) તેલ (૨૦) સીતારામ (૨૨) માતંગ (૨૪) મક્ષિકા (૨૭) ગજર (૨૮) તજ (૨૯) ટંક (૩૦) રવિ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૦	૧૯૦૫
ઘઉં લોકવન	૫૮૦	૬૪૨
ઘઉં ટુકડા	૫૮૫	૭૬૯
જુવાર સફેદ	૧૦૦૦	૧૫૭૫
જુવાર પીળી	૪૬૦	૬૦૦
બાજરી	૪૦૦	૫૧૩
તુવેર	૧૫૦૦	૨૦૮૦
ચણા પીળા	૧૪૬૦	૧૫૩૦
ચણા સફેદ	૧૬૩૦	૨૩૮૦
અડદ	૧૫૦૦	૧૯૫૦
મગ	૧૩૫૦	૧૭૮૦
વાલ દેશી	૪૩૫	૧૬૬૦
ચોળી	૧૦૦૦	૧૮૪૦
મઠ	૧૮૨૦	૨૬૨૬
વટાણા	૪૭૦	૯૩૦
કળથી	૫૪૦	૧૫૭૯
રાજમા	૧૭૦૦	૨૩૦૦
સીંગદાણા	૧૮૫૦	૨૧૩૮
મગફળી જાડી	૧૨૦૦	૧૭૩૫
મગફળી જીણી	૧૨૨૧	૧૬૭૫
તલી	૨૮૦૦	૩૨૬૬
એરંડા	૧૪૦૦	૧૫૩૪
અજમો	૩૦૫૬	૪૨૧૦
સુવા	૧૮૪૦	૧૮૪૦
સોયાબીન	૧૪૪૦	૧૫૫૦
સીંગફાડા	૧૬૮૫	૨૦૩૪
કાળા તલ	૨૯૦૦	૪૦૫૦
લસણ	૧૨૨૫	૨૬૦૦
ધાણા	૨૬૭૫	૨૯૦૦
મરચા સૂકા	૩૨૩૦	૫૮૦૦
ધાણી	૨૮૦૦	૩૧૦૦
વરીયાળી	૨૩૬૦	૩૦૨૫
જીરૂ	૪૫૫૦	૪૯૯૫
રાય	૧૫૫૦	૧૬૧૨
મેથી	૫૦૦	૨૧૬૦
ઇસબગુલ	૨૮૦૦	૩૧૫૦
કલોંજી	૪૬૪૦	૫૦૪૦
રાયડો	૧૩૦૦	૧૮૩૫
રજકાનુ બી	૫૭૦૦	૮૬૦૦
ગુવારનુ બી	૧૪૫૦	૧૬૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૦૫	૧૨૧૦
પપૈયા	૧૨૬	૨૪૩
બટેટા	૭૫	૨૭૮
ડુંગળી સુકી	૨૦૦	૬૫૦
ટમેટા	૨૬૩	૫૮૨
સુરણ	૫૭૨	૭૯૬
કોથમરી	૮૨૧	૯૬૧
મુળા	૧૮૨	૩૬૧
રીંગણા	૨૪૬	૫૦૭
કોબીજ	૩૨	૭૬
ફ્લાવર	૨૦૫	૪૧૦
ભીંડો	૭૪૫	૧૧૫૩
ગુવાર	૮૨૪	૧૪૧૨
ચોળાસીંગ	૬૩૧	૧૦૨૩
વાલોળ	૬૦૫	૮૨૦
ટીંડોળા	૩૫૦	૬૬૦
દુધી	૨૮૩	૫૧૪
કારેલા	૩૪૬	૫૫૪
સરગવો	૫૨૩	૧૦૩૩
તુરીયા	૮૧૦	૧૧૫૫
પરવર	૫૬૪	૯૪૨
કાકડી	૫૨૬	૮૪૪
ગાજર	૪૨૩	૭૯૩
વટાણા	૮૧૫	૧૦૨૦
તુવેરસીંગ	૫૦૭	૮૧૧
ગલકા	૩૩૨	૬૨૪
બીટ	૧૨૫	૪૦૭
મેથી	૨૭૨	૪૨૬
વાલ	૭૯૨	૧૨૩૩
ડુંગળી લીલી	૩૨૧	૫૦૬
આદુ	૯૯૨	૧૩૭૨
ચણા લીલા	૩૨૬	૯૧૭
મરચા લીલા	૩૧૦	૫૦૫
હળદર લીલી	૪૧૬	૬૨૨
લસણ લીલું	૩૦૧૭	૪૫૦૧
મકાઇ લીલી	૨૧૦	૩૨૦

ગોંડલ

કપાસ	૧૭૦૧	૧૮૮૧
ઘઉં લોકવન	૫૮૦	૬૩૪
ઘઉં ટુકડા	૫૫૦	૬૭૮
મગફળી જીણી	૧૦૬૧	૧૭૩૧
સિંગ ફાડીયા	૧૦૦૦	૨૧૦૧
એરંડા / એરંડી	૧૪૭૧	૧૫૮૧
જીરૂ	૨૦૦૦	૫૦૭૧
કલંજી	૨૦૦૦	૪૯૫૧
ધાણા	૨૭૦૦	૩૦૮૧
મરચા સૂકા પટ્ટો	૩૧૦૧	૫૪૦૧
લસણ સુકુ	૧૦૦૧	૨૨૪૧
ડુંગળી લાલ	૧૦૧	૭૮૧
અડદ	૬૭૬	૧૬૬૧
તુવેર	૮૫૧	૧૬૮૧
રાયડો	૧૬૦૧	૧૭૮૧
રાય	૧૮૦૦	૧૮૦૦
મેથી	૧૧૫૧	૧૭૭૧
કાંગ	૧૧૦૧	૧૧૩૧
મરચા	૨૬૦૧	૬૨૦૧
મગફળી જાડી	૧૦૧૧	૧૬૫૬
સફેદ ચણા	૧૨૫૧	૨૩૮૧
તલ - તલી	૨૮૦૧	૩૨૭૧
ધાણી	૨૮૫૦	૩૦૫૧
ડુંગળી સફેદ	૨૨૧	૪૬૧
બાજરો	૫૨૧	૫૭૧
જુવાર	૧૨૦૦	૧૭૭૧
મકાઇ	૫૫૧	૬૧૧
મગ	૧૧૦૧	૧૮૨૧
ચણા	૧૦૦૧	૧૫૩૧
વાલ	૮૦૦	૧૬૫૧
ચોળા / ચોળી	૫૭૬	૧૭૨૬
ગોગળી	૭૦૦	૧૪૧૧
વટાણા	૫૦૦	૬૨૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૨૦૦	૧૪૦૦
ગુવાર	૨૦૦	૧૪૦૦
કોબી	૪૦	૧૪૦
દુધી	૨૦૦	૬૦૦
ફ્લાવર	૩૦	૨૦૦
કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૧૦૦	૫૦૦
ભીંડો	૪૦૦	૧૨૦૦
ગલકા	૩૦૦	૮૦૦
ગાજર	૬૦૦	૧૦૦૦
ટિંડોરા	૨૦૦	૮૦૦
તુવેર	૪૦૦	૧૦૦૦
વાલ	૫૦૦	૧૪૦૦
વટાણા	૮૦૦	૧૨૦૦
શક્કરીયા	૩૦૦	૬૦૦
બટેટા	૧૨૦	૨૫૦
લીલી હળદર	૪૦૦	૮૦૦
ડુંગળી પુરા	૫	૨૦
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૨	૫
મૂળા પુરા	૫	૧૨
ફોદીનો પુરા	૩	૫
શેરડી	૨૦૦	૩૦૦
ચૂણ	૬૦૦	૮૦૦
ઘીસોડા	૫૦૦	૧૪૦૦
લીંબુ	૪૦૦	૧૨૦૦
મેથી પુરા	૨	૭
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૧૦	૨૫
ચોરા	૨૦૦	૧૦૦૦
કારેલા	૩૦૦	૬૦૦
વાલોર	૩૦૦	૬૦૦
કાચા પોપૈયા	૪૦	૩૦૦
આદુ	૮૦૦	૧૪૦૦
મકાઈ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૨૦
પાલક પુરા	૨	૭

અમરેલી

શિંગ મઠડી	૯૦૦	૧૫૦૦
શિંગ ગીરનાર	૯૫૦	૧૫૨૦
શિંગ મોટી	૯૪૦	૧૬૨૦
શિંગદાણા	૧૨૦૦	૧૯૮૦
તલ સફેદ	૨૩૦૦	૩૩૪૦
તલ કાળા	૨૪૦૦	૩૯૯૦
તલ કાશમીરી	૩૨૧૫	૩૨૨૦
ઘઉં ટુકડા	૫૨૦	૭૭૫
ઘઉં લોકવન	૫૩૫	૬૬૦
મકાઈ	૫૨૫	૫૨૫
અડદ	૯૩૦	૧૮૫૦
ચણા	૧૩૦૦	૧૫૨૫
સફેદ ચણા	૧૦૦૦	૧૪૨૫
તુવેર	૮૩૦	૯૫૦
કપાસ	૧૦૭૦	૧૯૨૦
એરંડા	૧૪૭૦	૧૫૦૫
જીરૂ	૨૨૭૫	૪૭૧૫
ધાણી	૨૫૦૦	૩૧૦૦
મેથી	૧૩૦૫	૧૩૦૫
સોયાબીન	૧૩૭૦	૧૫૧૦
મરચા લાંબા	૨૦૪૦	૫૩૦૦
રજકાનુ બી	૪૩૦૦	૯૦૦૦
ઘઉં બંસી	૭૩૦	૭૩૦
જુવાર	૭૨૦	૧૭૦૦
બાજરો	૩૧૦	૬૨૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૮૦
રીંગણા	૨૫૦	૬૦૦
ફ્લાવર	૨૦૦	૨૫૦
કોબીજ	૮૦	૧૪૦
શકકરીયા	૮૩૦	૯૬૦
ટમેટાં	૪૫૦	૬૦૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૬૦૦	૭૦૦
દુધી	૫૦૦	૬૦૦
કારેલા	૫૨૦	૬૩૦
ગલકા	૬૫૦	૭૦૦
મૂળા	૩૩૦	૪૦૦
કાકડી	૬૦૦	૮૦૦
ગુવાર	૫૧૦	૬૦૦
વાલોળ	૫૦૦	૬૦૦
વટાણા	૧૦૫૦	૧૧૫૦
ચોળા લીલા	૬૦૦	૭૦૦
તુરીયા	૧૧૮૦	૧૨૬૦
લીલી તુવેર	૬૦૦	૮૦૦
વાલ	૧૦૦૦	૧૧૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
હળદર લીલી	૭૨૦	૮૩૦
આદુ	૧૧૦૦	૧૧૫૦
કોથમીર	૬૦૦	૮૦૦
મેથીભાજી	૪૩૦	૫૨૦
ફોદીનો	૭૫૦	૮૫૦
ટીંડોરા	૫૩૦	૬૪૦
બીટ	૫૩૦	૬૦૦
સરગવો	૬૫૦	૮૫૦
લીમડો મીઠો	૧૫૦	૧૮૦
મરચાં લીલાં	૫૦૦	૭૦૦
મરચાં લાલ	૬૦૦	૧૨૦૦
ડુંગળી લીલી	૪૨૦	૫૦૦
ડુંગળી સુકી	૨૦૦	૭૦૦
લસણ લીલું	૨૫૦૦	૩૦૦૦
લસણ સુકું	૧૨૦૦	૨૮૦૦
પાલક	૫૨૦	૬૩૦
લીંબુ	૮૦૦	૯૭૦
મકાઇ	૩૩૦

રાજ્યના મહેસૂલ વિભાગમાં ૮૬ મામલતદારો અને ૮ GAS અધિકારીઓની બદલી, ૩૫ને બઢતી

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે રાજ્યના વહીવટી તંત્રમાં મોટો ફેરબદલ કરતાં ૨૫ નવેમ્બરના રોજ બદલી અને બઢતીના મહત્વપૂર્ણ આદેશો જારી કર્યા છે. જે અંતર્ગત મામલતદાર વર્ગ-૨ સંવર્ગના ૮૬ અધિકારીઓ અને ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ-૧ના ૮ અધિકારીઓની બદલી કરીને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત, ૩૫ નાયબ મામલતદારોને બઢતી આપી મામલતદાર તરીકે નિયુક્ત કરાયા છે. આ ફેરબદલમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા અને કચ્છ સહિતના જિલ્લાઓનો સમાવેશ થાય છે. મુખ્ય નિમણૂકોમાં રાજેશકુમાર કાંદુવાલાને અરવલ્લી, મીનલબેન પટેલને અમદાવાદ શહેર પૂર્વ, જિતેન્દ્રકુમાર દેસાઈને કામરેજ, મહેશકુમાર પાટોલિયાને જામખંભાળિયા અને કલ્પનાબેન ગોંડિયાને ટંકારા ખાતે મુકાયા છે. વર્ગ-૧માં વંદના પરમારને જીએલપીસી ગાંધીનગર (એએમડી) અને હંસરાજસિંહ ગોહિલને મોરબી નાયબ કલેક્ટર-૨ બનાવાયા છે. જ્યારે બઢતી મેળવનાર નિલેશ ખરાડીને વડનગર, અર્પણ ચાવડાને સાબરકાંઠા અને નરેન્દ્ર ચૌધરીને નસવાડી ખાતે મામલતદાર તરીકે નિમણૂક અપાઈ છે.



જેતલસર આંદોલન ઉપવાસ બાદ ૧૭ રેલવે કર્મચારીઓની બદલીના આદેશ જારી

રાજકોટ,તા.૨૬

જેતલસર જંકશનનું મહત્ત્વ જાળવી રાખવા છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા ઉપવાસ આંદોલનનો આખરે અંત આવ્યો છે. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રાજકોટ લોબીમાંથી ૧૨ મેલ-એક્સપ્રેસ ટ્રેન મેનેજર અને ૫ લોકો પાઇલટને જેતલસર લોબીમાં તબક્કાવાર છૂટા કરવાના સત્તાવાર આદેશ જારી કરાયા છે. અધિકારીઓએ ઉપવાસી છાવણીની મુલાકાત લઈ ખાતરી આપ્યા બાદ મુખ્ય ઉપવાસી હનીફ બ્લોચ સહિતના આંદોલનકારીઓએ પારણાં કર્યાં હતાં.

૨૨થી ૩૦ નવેમ્બર દરમિયાન આ તમામ ૧૭ કર્મચારીઓને તબક્કાવાર છૂટા કરાશે, જેથી ટ્રેન વ્યવહાર ન ખોરવાય. અગાઉ અહીંથી ૭૦ થી વધુ કર્મચારીઓની બદલી તથા મહત્ત્વની કામગીરી અન્યત્ર ખસેડાતાં સ્થાનિક વેપાર-ધંધા પર માઠી અસર થવાની ભીતિથી ગ્રામજનો અને વેપારીઓએ આંદોલન છેડ્યું હતું. રેલ્વે અધિકારીની લેખિત કાર્યવાહી શરૂ થતાં વિવાદ શમ્યો છે.



'સોરઠ પંચતીર્થ યાત્રા'માં સંતોએ વિશ્વશાંતિ અને માનવકલ્યાણ માટે કરી પ્રાર્થના

ગીર સોમનાથ,તા.૨૬



ગીર-સોમનાથ જિલ્લાના પ્રસિધ્ધ તુલસીશ્યામ ધામે ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ BAPS સ્વામિનારાયણ સંસ્થાના ૧૨૫થી વધુ સંતોએ 'સોરઠ પંચતીર્થ યાત્રા' અંતર્ગત દર્શન કર્યાં હતાં. વરિષ્ઠ સંતો આત્મતૃપ્તસ્વામી, કર્મનિષ્ઠસ્વામી અને યોગીપુરુષસ્વામી સહિતના સંતોએ ભગવાન તુલસીશ્યામનું પૂજન, ગૌશાળા અને ગરમ પાણીના કુંડની મુલાકાત લઈ માનવજાતની સુખાકારી તથા વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્થાનિક આગેવાનો અને હરિભક્તોએ સંતોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ઉનાના કંસારી-ભાચા વચ્ચે ત્રિપલ અકસ્માતમાં ૧નું મોત, ૪ ઈજાગ્રસ્ત

ઉના,તા.૨૬



ઉના તાલુકાના કંસારી અને ભાચા ગામ વચ્ચે ખોડિયારની ધાર નજીક ત્રણ બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજ્યું છે, જ્યારે ચાર વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ છે. મૂળ આથમણા પડાના અને હાલ સુરત રહેતા અજીતસિંહ જીલુભા ગોહિલ કૌટુંબિક સાળાના લગ્નપ્રસંગે બાઈક પર તાલાલાના મોરુકા ગામે જઈ રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. ગંભીર રીતે ઘાયલ અજીતસિંહને ૧૦૮ મારફતે ઉના સરકારી હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા હતા. મોબાઈલ પર આવેલા ફોનના આધારે તેમની ઓળખ થઈ હતી. અકસ્માતમાં ગારિયાધારના જમાલભાઈ ઉઢેચા (ઉં.વ. ૩૭) ગંભીર રીતે, જ્યારે તેમના પત્ની સલમાબેન તથા પુત્રો રેહાન અને વારિસ સામાન્ય ઈજાગ્રસ્ત થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. લગ્નપ્રસંગે જતા યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો છે. નોંધનીય છે કે, ઉના પંથકમાં છેલ્લા ૮ કલાકમાં બે અલગ-અલગ અકસ્માતમાં બે યુવાનોના મોત થયા છે.

રાજકોટમાં ૧ ડિસેમ્બરથી 'સુજલામ સુફલામ જળ અભિયાન' શરૂ કરવા કલેક્ટરને રજૂઆત

રાજકોટ,તા.૨૬



રાજ્યમાં વરસાદની અછતને પગલે સંભવિત જળસંકટ નિવારવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટે રાજકોટ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. ઉનાળાને બદલે આગામી ૧ ડિસેમ્બરથી જ 'સુજલામ સુફલામ જળ અભિયાન' શરૂ કરવા ટ્રસ્ટે માંગ કરી છે. હાલ તળાવો ખાલી હોવાથી વહેલું ખોદકામ શરૂ થાય તો ચોમાસા પૂર્વે વધુ જળસંચય થઈ શકે, જેનાથી ખેડૂતો અને પશુપાલકોને મોટી રાહત મળશે. અત્યાર સુધીમાં ૨૦,૦૦૦થી વધુ જળસંરચનાઓ નિર્માણ કરનાર આ સંસ્થાના અશોકભાઈ મોલિયા, વિઠ્ઠલભાઈ બાલધા, પરષોત્તમભાઈ ગાજીપરા અને અજયભાઈ મહેતા સહિતના આગેવાનોએ કલેક્ટરની મુલાકાત લઈ આ ભલામણ કરી હતી.

સોમનાથના કાર્તિકી પૂર્ણિમા મેળામાં પાંચ દિવસમાં ૮ લાખથી વધુ ભક્તો ઉમટ્યા

ઉના,તા.૨૬



સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં ૨૦ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાયેલા પાંચ દિવસીય કાર્તિકી પૂર્ણિમા મેળાનું ભવ્ય સમાપન થયું હતું.

પાંચ દિવસમાં ૮ લાખથી વધુ ભાવિકો અને સહેલાણીઓ ઉમટ્યા હતા. અંતિમ દિવસે ૧.૭૫ લાખ લોકોની હાજરીથી મેળો માનવ મહેરામણથી ઉભરાયો હતો. વર્ષ ૧૯૫૫થી ચાલી આવતી પરંપરાના મેળામાં લોકગાયક કીર્તિદાન ગઢવી અને માયા આહીરની જુગલબંદીએ ડાયરામાં રંગત જમાવી હતી. ત્રણ વર્ષ બાદ શરૂ થયેલી મોટી રાઈડ્સ, ચકડોળ અને ખાણીપીણીના સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. રાજકોટ મધ્યસ્થ જેલના કેદીઓના ભજીયાના સ્ટોલ પર પણ ભારે ભીડ જોવા મળી હતી. ભક્તિ, મનોરંજન અને લોકસંસ્કૃતિના સંગમ સમાન મેળો લાખો લોકો માટે યાદગાર બન્યો હતો.

ઉના-દેલવાડા રોડ પર રહેણાક મકાનમાં ભીષણ આગ: ઘરવખરી બળીને ખાખ

ઉના,તા.૨૬



ગીર સોમનાથ જિલ્લાના ઉના-દેલવાડા રોડ પર ચારથાંભલા નજીક રહેણાક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જીવીબેન, લાડુબેન, મીણાબેન, લખમીબેન અને શંભુભાઈ લોહાણાના મકાનમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. નગરપાલિકાના ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. જોકે, આગમાં ઘરવખરી બળીને ખાખ થઈ જતાં ભારે નુકસાન થયું છે. પૂર્વ પાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા સહિતના સેવાભાવીઓ મદદ માટે દોડી આવ્યા હતા. આગને પગલે ઉના-દીવ રોડ પર ટ્રાફિકજામ સર્જાયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગ લાગવાનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

ઉનામાં ટ્રક અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે મોત

ઉના,તા.૨૬



ગીર-સોમનાથ જિલ્લાના ઉના શહેરના કંસારી બાયપાસ નજીક મચ્છુંદ્રી નદીના પુલ પર મોડી રાત્રે આશરે ૩ વાગ્યે ટ્રક અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જાણ થતાં પીએસઆઈ એચ. પી. સરવૈયા સહિતનો પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો અને મૃતદેહને ઉના સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો.

મૃતક પાસે કોઈ ઓળખપત્ર ન હોવાથી પોલીસે સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ કર્યા હતા, જેના આધારે સવારે ૯:૩૦ વાગ્યે મૃતકની ઓળખ ઉનાના જિલુભાઈ ડાયાભાઈ પરમાર તરીકે થઈ હતી. પરિવારજનો હોસ્પિટલ દોડી આવતાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બીજી તરફ, અકસ્માત સર્જનાર ટ્રકચાલક સવારે સામેથી પોલીસ મથકે હાજર થતાં પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ભાજપ જન કલ્યાણ મંચની મહત્વપૂર્ણ બેઠક યોજાશે

અમદાવાદ,તા.૨૬

ભાજપ જન કલ્યાણ મંચની આગામી બેઠક અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે યોજાનાર છે. રાષ્ટ્રીય અધ્યક્ષ દર્શનભાઈ શાહ તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રઘુવીરસિંહ ગોહિલની આગેવાનીમાં યોજાનારી આ બેઠકમાં રાષ્ટ્રીય અને પ્રદેશ ટીમના હોદેદારો ઉપસ્થિત રહેશે. બેઠકમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટેના કાર્યો અંગે ચર્ચા કરવામાં આવશે. તેમજ નિયુક્ત કરવામાં આવેલા હોદેદારોને ઓળખકાર્ડનું વિતરણ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૭ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપના સમર્થનમાં આગામી કાર્યક્રમોનું આયોજન પણ નક્કી કરાશે. આ બેઠકમાં તમામ હોદેદારો અને સભ્યોને સંગઠનાત્મક માર્ગદર્શન આપવામાં આવશે તેમ સૌરાષ્ટ્ર પ્રભારી પાર્થ પંડ્યાએ જણાવ્યું હતું.

ઉનામાં ૩. ૪.૫૦ કરોડના ખર્ચે સીસી રોડનું નિર્માણ થશે

ઉના,તા.૨૬



ઉનામાં ૩. ૪.૫૦ કરોડના ખર્ચે સામતેર બાયપાસથી કાણકબરડા બાયપાસ સુધી સીસી રોડ બનાવવામાં આવશે. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. રોડ બનવાથી સામતેર, કાણકબરડા સહિત આસપાસનાં ગામોના ખેડૂતો અને વાહનચાલકોને અવરજવરમાં સુવિધા મળશે તેમજ ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે. પ્રસંગે સરપંચ લખનભાઈ જાદવ, ઉપસરપંચ સંજયભાઈ, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો, આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૮૧/૨૦૨૬
મુદત તા. ૦૭/૦૧/૨૦૨૭

અરજદાર :સાવજ મનસુખભાઈ વાલજીભાઈ
રહે.પાટી, તા. ખાંભા, જિ. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી / ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પાટી ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી
અરજદારના વિ.વકીલશ્રી : બી.એ.શાહ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર સાવજ મનસુખભાઈ વાલજીભાઈના દીકરી અંકીતાબેન નો જન્મ તા. ૨૫/૦૫/૧૯૯૭ ના રોજ મોજે ગામઃ પાટી, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની, નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા.૦૭/૦૧/૨૦૨૭ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૩.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર સહી (બી.કે.ભુવા) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી (એચ.બી.કાલાવડીયા) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (એસ.આર.ભંમર) D/C રજીસ્ટ્રાર J.M.F.C.કોર્ટ, ખાંભા

બારડોલી હત્યા કેસમાં સરભણ ગામ નજીકની નહેરમાંથી ૩ વર્ષના પ્રથમેશનો મૃતદેહ મળ્યો

સુરત,તા.૨૬

બારડોલી તાલુકામાં એક જ પરિવારના છ સભ્યોને નહેરમાં ફેંકી દેવાના ચકચારી કેસમાં વધુ એક કરુણ વળાંક આવ્યો છે. સરભણ ગામ નજીકની નહેરમાંથી ૩ વર્ષના પ્રથમેશ પાટીલનો મૃતદેહ મળી આવતાં ફાયર વિભાગે તેને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. પરિવારજનોએ મૃતદેહની ઓળખ કરી છે.મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના એરંડોલનો પાટીલ પરિવાર ૨૨ નવેમ્બરની રાત્રે કામ અર્થે સુરત આવી રહ્યો હતો. ઉવા ગામ નજીક ચાર શખ્સોએ તેમની કાર આંતરી, તમામનું અપહરણ કરી ઉકાઈની લેફ્ટ બેંક કેનાલમાં ફેંકી દીધા હતા.આ ઘટનામાં ૧૩ વર્ષનો કરણ પાટીલ પાણીની પાઇપ પકડીને આબાદ બચી જતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. અગાઉ નીતિન પાટીલ, પત્ની કવિતા અને ૯ વર્ષની પુત્રી સ્વીટીના મૃતદેહ મળ્યા હતા. હાલ પોલીસે અપહરણ અને હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી લાપતા સભ્યની શોધખોળ અને આરોપીઓની ધરપકડ માટે તપાસ તેજ કરી છે.

રાજકોટ-કાલાવડ રોડ પર ટ્રક-સ્કૂટરની ટક્કરમાં દંપતીનું ઘટનાસ્થળે કરુણ મોત

રાજકોટ,તા.૨૬



રાજકોટ કાલાવડ રોડ પર વડ વાજડી ગામ નજીક ટ્રક અને સ્કૂટર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં દંપતીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. મૃતક મહિલા ચાર માસની ગર્ભવતી હોવાથી અકસ્માતમાં ગર્ભસ્થ શિશુનો પણ ભોગ લેવાયો છે, જ્યારે તેમની સાથે રહેલી બાળકી ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ છે.

મૂળ કળછ (ધેડ) ગામના વતની અને હાલ ખીરસરા નવા પ્લોટ વિસ્તારમાં રહેતા મિતેષભાઈ ગોવિંદભાઈ વાઘેલા (ઉં.વ. ૩૩) બુધવારે સાંજે સાતેક વાગ્યે પત્ની કવિતાબેન (ઉં.વ. ૨૫) અને પુત્રી જીનલ સાથે સ્કૂટર પર રાજકોટ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન વડ વાજડી પાસે ટ્રક સાથે સ્કૂટર અથડાતાં આ દુર્ઘટના બની હતી.

ફેક્ટરીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મેટોડા જીઆઈડીસી પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિમાચલમાં સુખી પરિવાર યોજનામાં ૩.૫૦ લાખ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની સહાય મળશે

શિમલા, તા.૨૬



હિમાચલ પ્રદેશમાં ગ્રામીણ પરિવારોને આર્થિક રીતે સશક્ત બનાવવા મુખ્યમંત્રી અપના પરિવાર સુખી પરિવાર યોજના ૧૧ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ રાજ્યની આશરે ૩.૫૦ લાખ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પાત્ર પરિવારોને ઘરેલુ વીજળી વપરાશ માટે દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળીનો લાભ મળશે. ૧૮ થી ૫૯ વર્ષની મહિલાઓ આ યોજનાનો લાભ મેળવી શકશે. સહાયની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધી બેંક ખાતામાં જમા કરાશે. આધાર પ્રમાણીકરણ અને ઈ-કેવાયસી ફરજિયાત રહેશે. અન્ય સરકારી યોજનાઓ હેઠળ નિયમિત નાણાકીય સહાય મેળવતી મહિલાઓને આ યોજનાનો લાભ મળશે નહીં.

પંચાયત સચિવ દ્વારા પરિવારોની પાત્રતા ચકાસવામાં આવશે. લાભાર્થી પરિવારો માટે રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસના રોડમેપ તૈયાર કરાશે.

યોજનાની પારદર્શિતા માટે ડિજિટલ પોર્ટલ, સામાજિક ઓડિટ અને તૃતીય પક્ષ મૂલ્યાંકનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ફરિયાદોનો નિકાલ ૧૫ દિવસમાં કરાશે અને ગેરરીતિથી મેળવેલી સહાયની રકમ લાભાર્થીઓ પાસેથી વસૂલ કરવામાં આવશે.

કાશ્મીરમાં ઘૂસણખોરીની તૈયારીમાં બેઠેલા ૩૫ પાકિસ્તાની આતંકવાદીઓની શોધખોળ તેજ

સંજોગ ન્યૂઝ



જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓએ આતંકવાદ વિરોધી અભિયાન તેજ બનાવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ૩૭ વર્ષમાં પહેલીવાર ખીણમાં કોઈ સ્થાનિક આતંકવાદી સક્રિય નથી. જોકે પાકિસ્તાન સમર્થિત ૩૫ વિદેશી આતંકવાદીઓ હજુ સુરક્ષા એજન્સીઓના રડાર પર છે. ગુપ્તચર અહેવાલ મુજબ પાકિસ્તાન શિયાળા પહેલાં નિયંત્રણ રેખા પરથી ઘૂસણખોરી કરાવવાની તૈયારી કરી રહ્યું છે. આતંકવાદી સંગઠનોમાં સ્થાનિક યુવાનોની ભરતીમાં મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૬માં એકપણ સ્થાનિક યુવાન આતંકવાદી સંગઠનમાં જોડાયો નથી. લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ નાના જૂથોમાં ઘૂસણખોરીની તક શોધી રહ્યા હોવાની આશંકા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સેના દ્વારા પર્વતીય વિસ્તારોમાં આશરે ૧૦૦ કામચલાઉ ઓપરેટિંગ ઠેકાણાં સ્થાપવામાં આવ્યા છે. સુરક્ષા દળોએ સરહદી વિસ્તારોમાં પેટ્રોલિંગ અને ગુપ્તચર દેખરેખ પણ વધારી છે.

૧૫ ડિસેમ્બર પહેલાં સંસદનું સત્ર બોલાવવાની શક્યતા, પીએમ મોદીએ મંત્રીઓને દિલ્હી નહીં છોડવા આપી સૂચના

નવી દિલ્હી, તા.૨૬

સંસદના આગામી સત્રને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ મંત્રીઓને ૧૫ ડિસેમ્બર પહેલાં સંસદનું સત્ર બોલાવવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તૈયારીઓ પૂર્ણ કરવા સૂચના આપી છે.

મંત્રીઓને વિદેશ પ્રવાસ ટાળીને દિલ્હીમાં ઉપલબ્ધ રહેવા પણ જણાવાયું છે. બુધવારે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં સંસદ સત્ર અંગે ચર્ચા થઈ હતી. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ સત્રની તારીખ અને સમયગાળો નક્કી કરશે. મહિલા અનામત અને લોકસભા મતવિસ્તારોના સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ રજૂ થવાની શક્યતા છે. જોકે બિલ પસાર કરવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવી સરકાર માટે પડકારરૂપ બની શકે છે. વિપક્ષના વિરોધને કારણે સત્રમાં હોબાળો થવાની પણ શક્યતા છે.

લાલુ પ્રસાદ યાદવ પરિવારને દિલ્હી હાઈ કોર્ટનો ઝટકો, આરોપો ઘડવાનો આદેશ યથાવત રાખ્યો

નવી દિલ્હી, તા.૨૬



દિલ્હી હાઈકોર્ટે રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવની અરજીઓ ફગાવી દીધી છે. આઈઆરસીટીસી કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચાર કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા આરોપો ઘડવાના આદેશને પડકારવામાં આવ્યો હતો. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની બેન્ચે ત્રણેયની અરજીઓ ફગાવી આરોપો ઘડવાના આદેશને યથાવત રાખ્યો છે. આ કેસમાં અન્ય આરોપીઓની અરજીઓ પણ ફગાવવામાં આવી છે. સીબીઆઈના આરોપ મુજબ રાંચી અને પુરીની રેલવે હોટલના ટેન્ડર તથા જમીન સોદામાં ગેરરીતિ આચરવામાં આવી હતી. આ મામલે ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ટ્રાયલ કોર્ટે લાલુ પરિવાર સહિત ૧૪ આરોપીઓ સામે છેતરપિંડી અને ગુનાહિત કાવતરાના આરોપો ઘડ્યા હતા. જમીન સોદામાં લારા પ્રોજેક્ટ્સને ગેરકાયદેસર રીતે ફાયદો પહોંચાડવાનો પણ આરોપ છે. જોકે કેટલાક આરોપીઓને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા. હાઈકોર્ટના નિર્ણય બાદ હવે કેસની આગળની સુનાવણી રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાલુ રહેશે. આ ચુકાદાથી લાલુ પરિવારની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

ઉદયપુરમાં કોંગ્રેસના ત્રણ સભ્યોએ ભાજપની તરફેણમાં મતદાન કરતાં રાજકીય ખળભળાટ

ઉદયપુર, તા.૨૬

ઉદયપુર જિલ્લા પરિષદના પ્રમુખ પદની ચૂંટણીમાં ભાજપે સતત ત્રીજી વખત જીત મેળવી હેટ્રિક નોંધાવી છે. ભાજપના હિંમતસિંહ ઝાલા જિલ્લા પ્રમુખ તરીકે ચૂંટાયા છે.

ચૂંટણીમાં ભાજપને ૨૭ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ત્રણ સભ્યોએ પક્ષની વિરુધ્ધ જઈ ભાજપના ઉમેદવારની તરફેણમાં મતદાન કર્યું હતું. આ ઘટનાથી કોંગ્રેસમાં ભારે રાજકીય ખળભળાટ મચ્યો છે. ઉદયપુર જિલ્લા પરિષદની કુલ ૪૭ બેઠકોમાંથી ભાજપે ૨૪ અને કોંગ્રેસે ૨૨ બેઠકો જીતી હતી. જ્યારે ભારતીય આદિવાસી પાર્ટીને એક બેઠક મળી હતી. ચૂંટણી પહેલાં કોંગ્રેસના ત્રણ સભ્યોના સમર્થનથી ભાજપે પ્રમુખ પદ પર કબજો જમાવ્યો હતો. જીત બાદ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

બંધારણ એ ભારતની લોકશાહીનો પાયો છે, પીએમ મોદીએ બંધારણ દિવસે વિપક્ષ પર કર્યા પ્રહાર

નવી દિલ્હી, તા.૨૬



દેશભરમાં ૨૬ નવેમ્બરે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશેષ લેખ લખી ભારતીય બંધારણને રાષ્ટ્રનો માર્ગદર્શક પ્રકાશ ગણાવ્યો હતો.

તેમણે બંધારણને દેશની લોકશાહી અને પ્રગતિનો મજબૂત પાયો ગણાવ્યો હતો. લેખમાં વડાપ્રધાને ડો. બાબાસાહેબ આંબેડકર અને બંધારણ સભાના સભ્યોના યોગદાનને યાદ કરી શ્રધ્ધાંજલિ આપી હતી. યુવાનોને બંધારણના અધિકારો અને ફરજો અંગે જાગૃત થવા અપીલ કરી હતી. તેમણે જીએસટી, આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત અને પછાત વર્ગ આયોગને બંધારણીય દરજ્જો આપવા જેવા સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ કોંગ્રેસ પર બંધારણની જોગવાઈઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. કલમ ૩૫૬ અને કટોકટીના સમયગાળાનો ઉલ્લેખ કરી લોકશાહી સંસ્થાઓના સન્માનનું મહત્વ સમજાવ્યું હતું. મહિલા અનામત અને સામાજિક ન્યાયના મુદ્દે પણ તેમણે પોતાની સરકારની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે બંધારણની મૂળભૂત ભાવના જાળવી દેશના વિકાસમાં સૌની ભાગીદારી જરૂરી ગણાવી હતી.

મુંબઈ ૨૬/૧૧ આતંકી હુમલાની ૧૮મી વર્ષગાંઠે શહીદો અને નિર્દોષ નાગરિકોને દેશભરમાં શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી, તા.૨૬



મુંબઈમાં ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ થયેલા ભયાનક આતંકવાદી હુમલાની ૧૮મી વર્ષગાંઠ નિમિત્તે દેશભરમાં શહીદો અને નિર્દોષ નાગરિકોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ હુમલામાં ૧૬૬ લોકોનાં મોત થયા હતા અને આશરે ૩૦૦ લોકો ઘાયલ થયા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ પોલીસ કમિશનરની કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શહીદોને શ્રધ્ધાંજલિ આપી હતી. રાજ્યસભાના સાંસદ ઉજ્જવલ નિકમે હુમલાના સમગ્ર કાવતરાખોરોને સજા અપાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે આતંકવાદ સામે ભારતની લડાઈ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આતંકવાદને માનવતાનો સૌથી મોટો દુશ્મન ગણાવ્યો હતો. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પણ શહીદોની બહાદુરી અને બલિદાનને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભાજપનું સેવા દૂત અભિયાન ૧ ડિસેમ્બરથી શરૂ : ૨૫ દિવસ સુધી નેતાઓ ગામડે ગામડે ફરી લોકોની સમસ્યાઓ સાંભળશે

નવી દિલ્હી, તા.૨૬



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભાજપ દ્વારા દેશભરમાં સેવા દૂત અભિયાન શરૂ કરવામાં આવશે. આ અભિયાન ૧ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે. ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો ગામડાઓ તથા શહેરોની મુલાકાત લઈ લોકો સાથે સીધો સંવાદ કરશે. આ અભિયાનના સંયોજક તરીકે રાષ્ટ્રીય મહામંત્રી હરીશ દ્વિવેદીની નિમણૂક કરવામાં આવી છે. અભિયાન દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે. સરકારી યોજનાઓનો લાભ ન મળ્યો હોય તેવા પાત્ર પરિવારોની ઓળખ કરી તેમને નોંધણીમાં મદદ કરાશે. લોકોની સમસ્યાઓ અને ફરિયાદો સાંભળી તેના નિરાકરણ માટે સરકાર સુધી રજૂઆત કરવામાં આવશે.

કાશ્મીરમાં વંદે માતરમ ગાવા મુદ્દે બે દિવસ બાદ મુસ્લિમ આગેવાનોએ માફી માંગી

શ્રીનગર, તા.૨૬

જમ્મુ-કાશ્મીર વક્ફ બોર્ડના કાર્યક્રમમાં વંદે માતરમ વગાડવામાં આવતા વિવાદ સર્જાયો છે. શ્રીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ સહિત અનેક ધાર્મિક આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં વંદે માતરમના છ શ્લોક વગાડવામાં આવ્યા હતા. જોકે મુત્તાહિદા મજલિસ-એ-ઉલેમા સંગઠને તેનો વિરોધ કરી ધાર્મિક લાગણીઓ દુભાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. સંગઠનના જણાવ્યા મુજબ ઇસ્લામમાં એકેશ્વરવાદની માન્યતા હોવાથી દેશપ્રેમ અને દેશની પૂજા વચ્ચે તફાવત છે. બીજી તરફ કાર્યક્રમમાં હાજર રહેલા કેટલાક મુસ્લિમ ધાર્મિક આગેવાનોએ બે દિવસ બાદ પોતાની ભાગીદારી બદલ દિલગીરી વ્યક્ત કરી માફી માંગી હતી. તેમણે ધાર્મિક વિશ્વાસ મજબૂત કરવા કલિમા પણ પઢી હતી. આ ઘટનાને પગલે કાશ્મીરમાં રાજકીય અને ધાર્મિક ચર્ચા શરૂ થઈ છે.

વીજ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો, ટોરેન્ટ પાવરે વધાર્યો ફ્યુઅલ સરચાર્જ

અમદાવાદ, તા.૨૬



અમદાવાદ અને સુરતના અંદાજે ૪૩ લાખ વીજ ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે.

ટોરેન્ટ પાવર દ્વારા ઓક્ટોબરથી ડિસેમ્બર ક્વાર્ટર માટે ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદમાં પ્રતિ યુનિટ સરચાર્જ રૂ.૩.૭૨થી વધારી રૂ.૪.૦૧ કરવામાં આવ્યો છે. એટલે કે પ્રતિ યુનિટ ૨૯ પૈસાનો વધારો થયો છે. જ્યારે સુરતમાં રૂ.૨.૪૪થી વધારી રૂ.૨.૭૮ કરવામાં આવ્યો છે. અહીં પ્રતિ યુનિટ ૩૪ પૈસાનો વધારો થયો છે. નવા દર લાગુ થતાં ગ્રાહકોના આગામી વીજ બિલમાં વધારો થશે.

બંગાળમાં રસ્તાઓનું વિશાળ નેટવર્ક બનાવવા ૧ લાખ કરોડના રોડ પ્રોજેક્ટ્સની ગડકરીએ કરી જાહેરાત

કોલકાતા, તા.૨૬



પશ્ચિમ બંગાળમાં માર્ગ વિકાસને નવી દિશા આપવા કેન્દ્ર સરકાર દ્વારા ૧ લાખ કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી આશરે ૨૫,૦૦૦ કરોડ રૂપિયાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ મળ્યા છે.

આગામી વર્ષોમાં બંગાળમાં વધુ ૧ લાખ કરોડ રૂપિયાના માર્ગ વિકાસનાં કામો હાથ ધરવામાં આવશે. પૂર્વ મેદિનીપુરના કોલાઘાટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી સમક્ષ વિવિધ માર્ગો અને પુલોના પ્રોજેક્ટ્સ હાથ ધરવાની રજૂઆત કરી હતી. આ પ્રોજેક્ટ્સ માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી જમીન ઉપલબ્ધ કરાવવાની ખાતરી પણ આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ માર્ગ અકસ્માતો અટકાવવા પર વિશેષ ધ્યાન આપવાની વાત કરી હતી. દરમિયાન કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ બંગાળ માટે ૧ લાખ કરોડ રૂપિયાના માર્ગ પ્રોજેક્ટ્સ જાહેર કર્યા હતા. આ પ્રોજેક્ટ્સ રાજ્યમાં અગાઉથી ચાલી રહેલા ૩૫,૦૦૦ કરોડ રૂપિયાના માર્ગ વિકાસનાં કામો ઉપરાંતના રહેશે. આ યોજનાઓથી રાજ્યમાં માર્ગ સુવિધાઓનું વિસ્તરણ થશે.

ઇજિપ્તમાં ઓઇલ ટેન્કરમાં ભીષણ આગથી ૩૧ નાં મોત : ૨૧થી વધુ લોકો ઘાયલ

કૈરો, તા.૨૬



ઇજિપ્તની રાજધાની કૈરોના રિંગ રોડ પર ઓઇલ ટેન્કરમાં વિસ્ફોટ બાદ ભીષણ આગ લાગતાં મોટો અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૧ લોકોનાં મોત થયા છે અને ૨૧થી વધુ લોકો ઘાયલ થયા છે.

ઝડપથી જઈ રહેલું ઈંધણ ભરેલું ટેન્કર કાબૂ ગુમાવી પલટી જતાં વિસ્ફોટ થયો હતો અને આગ નજીકનાં વાહનોમાં ફેલાઈ ગઈ હતી.

આગની ઝપેટમાં બે ડઝનથી વધુ કાર અને મોટરસાઈકલ બળીને ખાખ થઈ ગયાં હતાં. ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બચાવ કામગીરી માટે ૩૯ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. ઘાયલોને નજીકની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસીએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા અધિકારીઓ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

લીલીયાના વાંઘણિયા ગામ નજીક કથિત ગેરકાયદેસર ખનનથી ગ્રામજનોમાં રોષ

લીલીયા,તા.૨૬



લીલીયા તાલુકાના વાંઘણિયા ગામે ગ્રામજનો દ્વારા ગામની સીમમાં ચાલી રહેલી કથિત ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ, ખનીજ સંગ્રહ અને ભારે વાહનોની અવરજવર સામે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગામમાં પ્રસ્તાવિત બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્રોજેક્ટના કારણે પર્યાવરણ, ખેતી, પીવાના પાણી, પશુધન અને વન્યજીવો પર ગંભીર અસરો થવાની ભીતિ વ્યક્ત કરી ગ્રામજનોએ નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક તપાસની માંગ કરી છે. વાંઘણિયા ગામના ગ્રામજનોએ અમરેલી જિલ્લા કલેક્ટર સમક્ષ કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, ગામની સીમમાં આવેલી ખાનગી ખેતીની જમીન તેમજ તેની નજીકની ગૌચર જમીન આસપાસ ખનીજ માફિયાઓ દ્વારા કથિત રીતે ગેરકાયદેસર ખનન અને ખનીજ સંગ્રહની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓના કારણે જમીનને નુકસાન થવાની સાથે મોટા લોડર અને ટ્રકોની અવરજવર, ઓવરલોડિંગ, ધૂળ-રજકણ અને અવાજના પ્રદૂષણથી સ્થાનિક રહેવાસીઓ તથા આસપાસના વિસ્તારને અસર થઈ રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ, આ પ્રવૃત્તિ અંગે મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. એટલું જ નહીં, રજૂઆતમાં એવો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કેટલાક લોકો દ્વારા ધંધાકીય પ્રવૃત્તિ બંધ નહીં થાય અને ફરીથી કામમાં વચ્ચે આવશો તો સારું નહીં થાય તેવી ધમકીઓ આપવામાં આવે છે. ગ્રામજનોએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ હાથ ધરી કથિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વાંઘણિયા ગામના પ્રશ્નો અંગે નિષ્પક્ષ તપાસ કરી દસ્તાવેજો જાહેર કરવાની ગ્રામજનોની માંગ

લીલીયા તાલુકાના વાંઘણિયા ગામના ગ્રામજનોએ કથિત ગેરકાયદેસર ખનન અને પ્રસ્તાવિત બાયોમેડિકલ વેસ્ટ પ્રોજેક્ટ મામલે નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક તપાસ કરવાની માંગ કરી છે. ગ્રામજનોએ પ્રોજેક્ટને લગતા જરૂરી દસ્તાવેજો અને પરીક્ષણ અહેવાલો જાહેર કરવા તેમજ સ્થાનિક ખેડૂતો અને રહેવાસીઓને પોતાની રજૂઆત કરવાની પૂરતી તક આપવા રજૂઆત કરી છે. દરેક વાંધાનો લેખિત અને મુદ્દાસર જવાબ આપવા, પર્યાવરણ અને જાહેર આરોગ્યને ગંભીર જોખમ જણાય તો પ્રોજેક્ટ માટે વૈકલ્પિક સ્થળ પસંદ કરવા વિચારણા કરવાની માંગ કરી છે. પ્રોજેક્ટને મંજૂરી આપતાં પહેલાં પર્યાવરણ અને જાહેર આરોગ્ય પર થનારી અસરોની નિષ્પક્ષ તપાસ કરવા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. પ્રોજેક્ટમાંથી નીકળતા ધુમાડા, દુર્ગંધ, સૂક્ષ્મ કણો અને ભૂગર્ભજળની ગુણવત્તા પર અસર થવાની ભીતિ વ્યક્ત કરાઈ છે. ખેતીની જમીન, પાક અને પશુધનને નુકસાન થવાની પણ આશંકા છે. સર્વે નંબર ૧૦૪ની જમીન પર વન્યજીવોની અવરજવર અને વસવાટ અંગે વન વિભાગનો અભિપ્રાય મેળવી વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવાની માંગ ઉઠી છે.હવે જિલ્લા વહીવટી તંત્ર, ખાણ-ખનિજ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ તંત્ર અને વન વિભાગ કેવાં પગલાં લે છે તેના પર ગ્રામજનોની નજર મંડાઈ છે.

ત્રણ દિવસમાં માગણીઓ નહીં સંતોષાય તો અમદાવાદના ૬ બ્રિજ બંધ કરવાની રિક્ષા-ટેક્સી ચાલકોની ચીમકી

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં રિક્ષા-ટેક્સી ચાલકો અને તંત્ર વચ્ચેનો વિવાદ વધુ વકર્યો છે. ઓલા, ઉબર અને રેપિડો જેવી કંપનીઓમાં ઓનલાઈન બુકિંગથી ઓછું ભાડું મળતું હોવાની તેમજ ટેક્સીમાં ખાનગી વાહનોનો ઉપયોગ થતો હોવાની ફરિયાદ સાથે બુધવારે ૧૭ યુનિયનોના ચાલકોએ સુભાષ બ્રિજ આરટીઓ કચેરીનો ઘેરાવ કરી વિરોધ નોંધાવ્યો હતો. બે મહિના અગાઉ ગાંધીનગરમાં બેઠક યોજાઈ હોવા છતાં પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. યુનિયનોએ ખાનગી સફેદ નંબર પ્લેટવાળા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ત્રણ દિવસમાં માગણીઓ નહીં સંતોષાય તો સાબરમતી નદી પરના તમામ છ બ્રિજ બંધ કરવાની ચીમકી આપી છે. બીજી તરફ આરટીઓ અધિકારીઓએ ટૂંક સમયમાં નિર્ણય લેવાની ખાતરી આપી છે. ત્રણેય કંપનીઓને શો-કોઝ નોટિસ અપાયા બાદ ખુલાસા મળ્યા છે અને શનિવાર સુધીમાં આખરી નિર્ણય લેવાશે.

રાજ્યમાં ૨.૬૯ લાખ મુદ્રા લોનધારકો હપ્તા ભરવામાં નિષ્ફળ, ૩.૧,૫૦૦ કરોડની લોન NPA

અમદાવાદ, તા.૨૬



ગુજરાતમાં નાના વેપારીઓ અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવા શરૂ કરાયેલી પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોનની વસૂલાત સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે. રાજ્યમાં ૨.૬૯ લાખ ખાતાધારકોની ૩.૧,૫૦૦ કરોડની લોન એનપીએ બની છે. બીજી તરફ બેન્કોમાં ડિપોઝિટ ૩.૧૬ લાખ કરોડને પાર પહોંચી છે. મહિલા સ્વસહાય જૂથોના ૫,૫૮૦ ખાતાઓમાં ૩.૪,૫૯૨ કરોડની લોન ડૂબત જાહેર થઈ છે. જનધનના ૧૪.૫૭ લાખ ખાતાઓમાં હજુ બેલેન્સ શૂન્ય છે. છેલ્લા છ મહિનામાં ૩.૧૨,૨૩૮ કરોડની પર્સનલ લોન લેવામાં આવી છે. એનઆરઆઈ ડિપોઝિટમાં પણ ૪૩ ટકાનો વધારો થયો છે. ખેતી ક્ષેત્રને ૧૮ ટકાના લક્ષ્યાંક સામે માત્ર ૧૩.૫૧ ટકા અને નાના ખેડૂતોને ૧૦ ટકાના લક્ષ્યાંક સામે ૬.૪૨ ટકા ધિરાણ મળ્યું છે. કિસાન ક્રેડિટ કાર્ડની સંખ્યામાં ૨.૨૦ લાખનો ઘટાડો થયો છે. આમ, બેન્કોમાં થાપણો વધવા છતાં ખેતી ધિરાણ અને લોન વસૂલાતની સ્થિતિ ચિંતાજનક બની છે.

અમદાવાદમાં અલગ-અલગ માર્ગ અકસ્માતમાં બે લોકોનાં મોત

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં આજે સવારે બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં બે લોકોનાં મોત થયાં હતાં. રાણીપ અને ચાંદલોડિયાને જોડતા રેલવે ગરનાળા પાસે પિતા સાથે બાઈક પર નીલકંઠ સ્કૂલે જતી પાંચ વર્ષની નેહલ પટેલને પાછળથી આવેલા ટ્રકે ટક્કર મારતાં બાળકીનું ઘટનાસ્થળે મોત થયું હતું. અકસ્માતમાં તેના પિતાને ખભા પર ઈજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોએ ટ્રકચાલકને પકડી પોલીસને સોંપ્યો હતો. બીજી તરફ, એસજી હાઈવે પર સોલા બ્રિજ નજીક આઈ-૧૦ કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર પલટી ખાઈ ગઈ હતી. કારમાં સવાર ચાર મિત્રો પૈકી ચાલકનું ગંભીર ઈજાઓથી મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણને ઈજાઓ પહોંચી હતી. પોલીસે બંને અકસ્માત અંગે તપાસ હાથ ધરી છે.

વૈકલ્પિક રનવે તરીકે હાઈવેનો ઉપયોગ કરી સેનાના ચાર વિમાનોનું સફળ લેન્ડિંગ

જામનગર, તા.૨૬

ગુજરાતમાં અમૃતસર-જામનગર ઈકોનોમિક કોરિડોર પર ભારતીય સેનાના ચાર માઈક્રોલાઈટ વિમાનોએ સફળતાપૂર્વક લેન્ડિંગ અને ટેકઓફ કર્યું હતું. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭૫૪એ પર કિલોમીટર માર્ક ૯૪૬થી ૯૪૯ વચ્ચે યોજાયેલી આ કવાયતનો હેતુ કટોકટીના સમયે હાઈવેનો વૈકલ્પિક રનવે તરીકે ઉપયોગ કરી શકાય તે દર્શાવવાનો હતો. 'ટીમ માઉન્ટેન ઈગલ્સ' દ્વારા 'વિંગ્સ ઓફ વેલર એન્ડ યુનિટી એક્સપિડિશન' હેઠળ યોજાયેલી આ કવાયતમાં બે ફિક્સ્ડ વિંગ માઈક્રોલાઈટ વિમાન અને બે હેંગ ગ્લાઈડર્સ સામેલ હતાં.

રેલવે ટ્રેક ઓળંગતી વખતે મોત થાય તો પણ પરિવારને વળતર મળવું જોઈએ : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૬



રેલવે ટ્રેક ઓળંગતી વખતે અકસ્માતમાં મૃત્યુ થાય તો પણ મૃતકના પરિવારને વળતર મળી શકે છે.

ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપતાં જણાવ્યું કે મુસાફરની બેદરકારીના આધારે રેલવે જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે મૃતકના પરિવારને ૯ ટકા વ્યાજ સાથે રૂ. ૮ લાખ ચૂકવવાનો આદેશ કર્યો છે.ન્યાયમૂર્તિ દિવ્યેશ એ. જોશીની બેન્ચે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલનો વળતર નકારતો નિર્ણય રદ કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે રેલવે સ્ટેશનો પર ફૂટ ઓવરબ્રિજની સુવિધા ન હોય તો ટ્રેક ઓળંગવાની સ્થિતિ સર્જાય છે. આવી પરિસ્થિતિમાં મુસાફરની બેદરકારી કહી વળતર નકારી શકાય નહીં.

ગૌરક્ષા મુદ્દે એક લાખ સાધુ-સંતોનું અડાલજમાં આજે મહાસંમેલન

અમદાવાદ,તા.૨૬

ગૌવંશની સેવા, સુરક્ષા અને સન્માનના મુદ્દે સાધુ-સંતો દ્વારા ગૌ સન્માન આહ્વાન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદના ઈસ્કોન મંદિર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સંતો-મહાત્માઓએ ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા, ગૌવંશને રાષ્ટ્રીય ધરોહરનો દરજ્જો આપવા અને સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવાની માંગ કરી હતી. સંતોના જણાવ્યા મુજબ માત્ર પાંજરાપોળના સહારે ગૌવંશનું રક્ષણ શક્ય નથી, તેના માટે અલગ કાયદાની જરૂર છે.આ અભિયાન અંતર્ગત મુખ્ય ત્રણ માંગો રજૂ કરવામાં આવી છે, જેમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ, ગૌમાતાને રાષ્ટ્રમાતાનું સન્માન અને કેન્દ્રીય ગૌમંત્રાલયની સ્થાપનાનો સમાવેશ થાય છે. આ માંગણીઓને વેગ આપવા આગામી ૨૭ નવેમ્બરના રોજ અડાલજના પર્વ મેદાન ખાતે મહાસંમેલન યોજાશે. જેમાં એક લાખથી વધુ ગૌભક્તો જોડાય તેવી આશા આયોજકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ સંમેલનમાં જોડાવા આમંત્રણ અપાયું છે. ઉપરાંત ગૌમાતા પોષણ યોજના બદલ મુખ્યમંત્રીના અભિવાદનનો કાર્યક્રમ યોજાશે. અભિયાન કોઈ સંસ્થા કે ટ્રસ્ટ દ્વારા નહીં, પરંતુ ગૌભક્તો દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. સરકારને ત્રણ પ્રાર્થનાપત્ર સુપરત કરવા અને ૫૦ કરોડ લોકોના હસ્તાક્ષર પહોંચાડવાનો સંકલ્પ લેવાયો છે. સંતોએ ગુજરાતને રખડતા ગૌવંશથી મુક્ત કરવા તથા પશુગણતરીમાં ગાયનો સમાવેશ કરવાની પણ માંગ કરી છે.





